**Current Affairs MAY-2018**

## 1.May 2018

**(૧) ગુજરાત ગૌરવ દિવસ**

- ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાતની સ્થાપના થઇ હતી.
- આ વખતે ૫૮માં ગુજરાત સ્થાપના દિવસની રાજ્યસ્તરે ઉજવણી ભરૂચ ખાતે થઇ હતી.
- ગુજરાત સ્થાપના દિનની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૯૨માં અમદાવાદ ખાતે થઇ હતી, તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી ચીનમભાઇ પટેલ હતા.

**સુજલામ્ – સુફલામ્ જળ અભિયાન :**

- ગુજરાત સ્થાપના દિન નિમિત્તે રાજ્યભરમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનો પ્રારંભ કરાયો.
- આ અભિયાત અંતર્ગત ૧ મે થી ૩૧ મે સુધી ૧૩ હજાર તળાવો, ચેકડેમો, જળાશયો ઉંડા કરાશે જેનાથી ચોમાસું આવતા પહેલા પાણીનો સંગ્રહ કરી શકાય.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ભરૂચ જિલ્લાના કોસમડી ગામથી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે મહેસાણા જિલ્લાના લાંઘણજ ખાતેથી શ્રમદાન કરી અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

**મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના :**

- ગુજરાત સ્થાપના દિન નિમિત્તે મુખ્યમંત્રી દ્વારા આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ યોજના અંતર્ગત જે યુવાનો અને યુવતીઓ એપ્રેન્ટિસ તરીકે જોડાશે તેને જેતે કંપનીના વળતર ઉપરાંત ગુજરાત સરકાર તરફથી શૈક્ષણિક લાયકાત અનુસાર પ્રતિ માસ રૂા. ૩૦૦૦ થી ૪૫૦૦ સુધી પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.
- યુવાઓમાં રોજગાર ક્ષમતા વધારવા ઓન– જોબ કૌશલ્ય તાલીમ આપવામાં આવશે.
- ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા આ યોજનાનો શુભારંભ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરાયો.
- આ યોજના અંતર્ગત ૧ લાખ યુવાનોને સહાય આપવામાં આવશે.

‘ધન્ય ધન્ય ગુજરાતની આ ધરા,
ભારતનો સુંદર ભાગ બને...’
– આપા હમીર

‘મળતા મળી ગઇ મને મોંઘેરી ગુજરાત...
ગુજરાત મોરી મોરી રે.’
– ઉમાશંકર જોષી

‘વિશ્વને રોશન કરી ગઇ, દીપીકા ગુજરાતની
સૂર્ય પણ જોતો રહ્યો, જ્યોતિકલા ગુજરાતની’
– શૂન્ય પાલનપુરી

‘હું ગુર્જર ભારતવાસી...
ઝંખુ પલપલ નિશદિન મંગલ મન મારૂ ઉલ્લાસી’
– ઉમાશંકર જોષી

**(૨) આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ**

**(૩) પ્રબોધચંદ્ર ડે : જન્મજયંતિ**

- જાણીતાં પાર્શ્વ ગાયક પ્રબોધચંદ્ર ડે ની આજે ૯૯ મી જન્મજયંતિ છે.
- તેઓ મન્ના ડે તરીકે જાણીતા હતા.
- તેમનો જન્મ ૧ મે, ૧૯૧૯ના રોજ કોલકત્તા ખાતે થયો હતો ?
- વર્ષ ૧૯૪૨માં પ્રથમ વખત ‘તમન્ના’ ફિલ્મથી કારકીર્દિનો પ્રારંભ કર્યો હતો.
- વર્ષ ૧૯૪૨ થી ૨૦૧૩ સુધી લગભગ ૪૦૦૦ થી વધુ ગીતોમાં પોતાનો સ્વર આપ્યો હતો.
- ભારત સરકારે ૧૯૭૧માં તેમને પદ્મશ્રી અને વર્ષ ૨૦૦૫માં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનીત કર્યા હતા.
- વર્ષ ૨૦૦૭માં તેમને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેમનું અવસાન ૨૪ ઓક્ટોબર–૨૦૧૩ના રોજ બેંગ્લુરૂ ખાતે થયું હતું.

**પ્રશ્નો :**

૧ ગુજરાતની સ્થાપના ક્યારે થઈ હતી ?
– ૧ મે ૧૯૬૦

૨ ગુજરાતનાં સ્થાપનાને તાજેતરમાં કેટલા વર્ષ થયા ?
– ૫૮ વર્ષ

૩ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી ક્યારે થઇ હતી ?
– ૧૯૯૨માં

૪ ૫૮માં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કયાં થઈ હતી ?
– ભરૂચ

૫ સુજલામ્– સુફલામ્ જળ અભિયાનનો પ્રારંભ કોણે કરાવ્યો ?
– વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇ પટેલ

૬ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના કયા મંત્રાલય દ્વારા શુભારંભ કરાયો ?
– શ્રમ અને રોજગાર મંત્રાલય

૭ ધન્ય ધન્ય ગુજરાતની આ ધરા, ભારતનો સુંદર ભાગ બને – પંક્તિ ના કર્તા જણાવો ?
– આપા હમીર

૮ આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧ મે

૯ પ્રબોધચંદ્ર ડે ની તાજેરતમાં કેટલામી જન્મજયંતિ ઉજવાય ?
– ૯૯ મી

૧૦ પ્રબોધચંદ્ર ડે કયા ઉપનામથી જાણીતા હતા ?
– મન્ના ડે

૧૧ પ્રબોધચંદ્ર ડે ને ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ ક્યારે એનાયત થયો હતો ?
– ૨૦૦૫

૧૨ પ્રબોધચંદ્ર ડે ને ભારતસરકાર દ્વારા ૨૦૦૭માં કયો એવોર્ડ એનાયત થયો હતો ?
– દાદા સાહેબ ફાળકે

## 2.May 2018

**(૧) કવિન્દ્ર ગુપ્તા :**

- જમ્મુ કાશ્મિરના નવા નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી કવિન્દ્ર ગુપ્તાએ શપથ ગ્રહણ કર્યા.
- તેઓ જમ્મુ – કાશ્મિરની ગાંધીનગર વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે.
- તેઓ નિર્મલસિંહનું સ્થાન લેશે.

- કવિન્દ્ર ગુપ્તા ત્રણ વર્ષ સુધી જમ્મુ –કાશ્મીર વિધાનસભાના અધ્યક્ષ રહી ચુક્યા છે.
- અગાઉ તેઓ જમ્મુના મેયર પણ રહી ચૂક્યા છે.

**(૨) પવન ચામલિંગ : સિક્કિમ મુખ્યપ્રધાન**

- સિક્કિમના મુખ્યપ્રધાન પવન ચામલિંગે સૌથી વધુ સમય સુધી મુખ્યપ્રધાનપદે રહેવાનો નવો વિક્રમ બનાવ્યો.
- તેમણે CM તરીકે ૨૩ વર્ષ ચાર મહિના અને ૧૮ દિવસ પૂર્ણ કર્યા.
- આ અગાઉ પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યપ્રધાન જ્યોતિ બાસુના નામે આ રેકોર્ડ હતો.
- ચામલિંગ સૌપ્રથમ વખત ૧૨ ડિસેમ્બર ૧૯૯૪ના રોજ સિક્કિમના મુખ્યપ્રધાન બન્યા હતા.
- તેમનો જન્મ દક્ષિણ કશ્મિરના યાનગેંગમાં ૨૨ સપ્ટેમ્બર ૧૯૫૦ ના રોજ થયો હતો.
- તેઓ સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ પાર્ટીના સ્થાપક પ્રમુખ છે.

**(૩) ભારતીય હોકી ટીમના કોચ :**

- કોમનવેલ્થ ગેમ્સમાંથી પરત ફર્યા બાદ હોકી ઈન્ડિયાએ પુરૂષ અને મહિલા ટીમમાં કોચની ફેરબદલી કરી.
- પુરૂષટીમમાં કોચ તરીકે હરેન્દ્રસિંહ તથા મહિલા ટીમ માટે મોરિનની પસંદગી કરવામાં આવી.

પ્રશ્નો :

૧ જમ્મુ કાશ્મિરના નવા નાયબ મુખ્યમંત્રી તરીકે કોની નિમણૂંક કરાઇ છે ?
- શ્રી કવિન્દ્ર ગુપ્તા

૨ શ્રી કવિન્દ્ર ગુપ્તા કોનું સ્થાન લેશે ?
- નિર્મલસિંહ

૩ સિક્કિમના મુખ્યપ્રધાનપદે સૌથી વધુ સમય સુધી રહેવાનો નવો વિક્રમ કોણે બનાવ્યો ?
- પવન ચામલિંગે

૪ પવન ચામલિંગ પહેલા મુખ્યપ્રધાન પદ સૌથી વધુ રહેવાનો વિક્રમ કોના નામે હતો ?
- જ્યોતિ બાસુ

૫ સિક્કિમ ડેમોક્રેટિક્ટફ્રન્ટ પાર્ટીના સ્થાપક જણાવો ?
- પવન ચામલિંગ

૬ ભારતીય મેન્સ હોકી ટીમના નવા કોચ જણાવો ?
- હરેન્દ્રસિંહ

૭ ભારતીય વુમન્સ હોકી ટીમના નવા કોચ જણાવો ?
- મોરિન

## 3.May 2018

**(૧) વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ :**

**(૨) ગાંધીધામ રેલવે સ્ટેશન– દેશનું ત્રીજા ક્રમનું સુંદર રેલવે સ્ટેશન :**

- ભારતના રેલવે સ્ટેશનોને સુંદર બનાવવા માટે નેશનલ ટ્રાન્સપોર્ટ સ્વરા ઇન હાઉસ સ્ટેશન બ્યુટીફિકેશન સ્પર્ધા યોજવામાં આવી હતી.
- આ સ્પર્ધામાં સ્ટેશનને લોકલ આર્ટિસ્ટ દ્વારા પેઈન્ટિંગ સ્કલ્પચર અને વિવિધ કલાઓ દ્વારા સુંદર બનાવવા માટેની સ્પર્ધા યોજવામાં આવી હતી.
- જેમાં મહારાષ્ટ્રના બાબરશાહ અને ચંદરપુર સ્ટેશનને પ્રથમ સ્થાન મળ્યું હતું જેને રૂા. ૧૦ લાખનું ઇનામ આપવામાં આવ્યું.
- ત્યારબાદ બીજા ક્રમે બિહારના મધુબની સ્ટેશનને રૂા. ૫ લાખનું ઇનામ આપવામાં આવ્યું.
- જ્યારે ત્રીજા સ્થાને ગુજરાતનું ગાંધીધામ રેલવે સ્ટેશન રહ્યું હતું.
- ગાંધીધામ સાથે રાજસ્થાનનું કોટા અને તેલંગણાનું સિકંદરાબાદ પણ ત્રીજા સ્થાને રહ્યું હતું.
- ત્રીજા સ્થાન માટે રૂા. ૩ લાખનું ઇનામ હતુ જે ત્રણ રાજ્ય વચ્ચે આપવામાં આવશે.
- આ સ્પર્ધામાં ૧૧ રેલવે ઝોનમાંથી કુલ ૬૨ એન્ટ્રી આવી હતી.

**(૩) વિશ્વના ૨૦ સૌથી પ્રદુષિત શહેરની યાદી :**

- તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા વર્લ્ડ અર્બન હેલ્થ પોલ્યુશન ડેટાબેઝ –૨૦૧૬ તૈયાર કરવામાં આવ્યો.
- વિશ્વના ૨૦ સૌથી પ્રદુષિત શહેરની આ યાદીમાં ભારતના ૧૪ શહેરોના નામ છે.

**(૪) કેન્દ્ર સરકારની કેબિનેટ બેઠકમાં પ્રજાલક્ષી યોજનાઓનો વ્યાપ વધારાયો :**

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં મળેલ કેબીનેટની બેઠકમાં અનેક મહત્વના નિર્ણય લેવાયા.
- કેબિનેટ મિટિંગમાં ખેડૂતો, વૃધ્ધો અને આરોગ્ય અંગેના નિર્ણયો લીધા જે નીચે મુજબ છે.

**પ્રધાનમંત્રી વયવંદના યોજના (PMVVY)**

- આ યોજના અંતર્ગત રોકાણની મર્યાદા ૭.૫ લાખથી વધારી ૧૫ લાખ કરાઇ.
- રોકાણની સમય મર્યાદા મે ૨૦૧૮ થી વધારી માર્ચ ૨૦૨૦ કરવામાં આવી.
- આનાથી વરિષ્ઠ નાગરિકોને દર મહિને રૂા. ૧૦૦૦૦ સુધી પેન્શન મળશે.
- આ યોજનાનો લાભ ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો લઇ શકશે.
- આ સ્કિમ હેઠળ નિશ્ચિત અથવા નિર્ધારિત પેન્શન દર વર્ષ ૮ ટકા ગેરંટીકૃત વળતર દરના આધારે ૧૦ વર્ષ માટે આપવામાં આવે છે.
- તેમા માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક કે વાર્ષિક ધોરણે પેન્શન પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

**પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY)**

- ભારતમાં સ્વાસ્થ્ય સુવિધાઓના વિકાસ માટે આ યોજનાને ૧૨ મી પંચવર્ષીય યોજના બાદ પણ વર્ષ ૨૦૧૯–૨૦ સુધી ચાલુ રખાશે.
- આ યોજના અંતર્ગત ૧૪૮૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ (એઇમ્સ) જેવી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવે છે.
- આ યોજનામાં ૨૦ નવી એઇમ્સ અને ૭૩ મેડીકલ કોલેજ અપગ્રેડ કરવામાં આવશે.
- ૨૦૦૩માં જાહેર યોજના હેઠળ ૨૦ માંથી ૬ એઇમ્સ બની ગઇ છે.

**હરિત ક્રાંતિ કૃષિ ઉન્નતિ યોજના :**

- કૃષિ ક્ષેત્રની આ યોજના અંતર્ગત સરકારની કુલ ૧૧ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ઉત્પાદન ક્ષમતા વધારીને ઉત્પાદન પર બહેતર લાભ સુનિશ્ચિત કરીને ખેડૂતોની આવક વધારવાનો છે.

પ્રશ્નો :

૧ ૩ મે એ કયો દિવસ ઉજવાય છે ?
- વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ

૨ દેશના સુંદર રેલવે સ્ટેશનમાં ગાંધીધામ સ્ટેશનો ક્રમ જણાવો ?
- ત્રીજો

૩ દેશનું પ્રથમ નંબરનું સુંદર રેલવે સ્ટેશન જણાવો ?
- મહારાષ્ટ્રના બાલરશાહ અને ચંદરપુર

૪ વિશ્વના ૨૦ સૌથી પ્રદુષિત શહેરોમાં ભારતના કેટલા શહેરો સમાવિષ્ટ છે ?
- ૧૪ શહેરો

૫ WHO નું પુરૂનામ જણાવો ?
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન

૬ પ્રધાનમંત્રી વયવંદના યોજના અંતર્ગત રોકાણ ની મર્યાદા કેટલી થી કેટલી કરાઇ ?
- ૭.૫ લાખ થી ૧૫ લાખ

૭ પ્રધાનમંત્રી વયવંદના યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને દર મહિને મહત્તમ કેટલું પેન્શન મળશે ?
- રૂા. ૧૦,૦૦૦ સુધી

૮ પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી ?
- ૧૪૮૩૨

૯ એઇમ્સની સ્થાપના કઇ યોજના અંતર્ગત કરવામાં આવે છે ?
- પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના

૧૦ એઇમ્સનું પુરૂનામ જણાવો ?
- ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ

૧૧ હરિત ક્રાંતિ કૃષિ ઉન્નતિ યોજના અંતર્ગત સરકારની કુલ કેટલી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો ?
- ૧૧

## 4.May 2018

### (૧) અર્જુન એવોર્ડ માટે ભલામણ : હોકી

- હોકી ઇન્ડિયાએ અર્જુન એવોર્ડ માટે મહિલા ખેલાડી મનપ્રીત સિંહ અને ગોલકીપર સવિતાની ભલામણ કરી.
- તથા પુરૂષ ટીમના મિડફિલ્ડર ધરમવીરસિંહના નામની ભલામણ કરી છે.
- આ ઉપરાંત ધ્યાનચંદ પુરસ્કાર (લાઇફટાઇમ અચિવમેન્ટ) માટે પુરૂષ ટીમના પૂર્વ કેપ્ટન ભરત છેત્રી અને મહિલા ટીમની પૂર્વ ખેલાડી સંગાઇ ઇબેમહાલના નામની ભલામણ કરાઇ છે.
- તથા દ્રોણાચાર્ય એવોર્ડ માટે કોચ બી.એસ. ચૌહાણના નામની ભલામણ કરવામાં આવી છે.

### (૨) સુભાષચંદ્ર ખૂંટિયા : IRDAI

- કર્ણાટકના ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી સુભાષચંદ્ર ખૂંટિયાને IRDAI ના અધ્યક્ષ પદે નિમણૂક કરાઇ.
- IRDAI: ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા.
- તેઓ ટી.એસ. વિજયનનું સ્થાન લેશે જેની પાંચ વર્ષની મુદ્દત ફેબ્રુઆરી – ૨૦૧૮માં પુરી થઇ.
- સુભાષચંદ્ર ખૂંટિયા કર્ણાટક કેડરના વર્ષ ૧૯૮૧ બેચના IAS અધિકારી છે.

### IRDAI:

- IRDAI: એક ઉચ્ચ કાનુની સંસ્થા છે જે ભારતમાં વીમા ઉદ્યોગોનું નિયમન અને વિકાસ કરે છે.
- તેની રચના વીમા રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરિટી એક્ટ – ૧૯૯૯ની જોગવાઇઓ અનુસાર થઇ હતી.
- તેનું મુખ્ય મથક હૈદરાબાદમાં છે.

### IRDAI: નું કાર્ય :

- વીમા પોલીસી ધારકોના હકોનું રક્ષણ કરવું.
- જીવન વીમા કંપનીઓને નોંધણી પ્રમાણપત્રો પુરા પાડવા.
- વીમા કંપનીઓ દ્વારા મની રોકાણોને નિયંત્રીત કરવા, વીમા અને રિયુનિયન વ્યવસાય સંબંધિત વ્યવસાયીક સંસ્થાઓનો પચાર અને નિયમન

### (3) IIT- કાનપુરે લાકડાનો ઉપયોગ કર્યા વિના કાગળ બનાવ્યો :

- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) કાનપુરના શેખર ભારદ્વાજે પર્યાવરણીય સુરક્ષામાં એક મોટી સિધ્ધી મેળવી.
- લાકડાનો ઉપયોગ કર્યા વિના કેમિકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ એક કાગળનું ઉત્પાદન કર્યું છે જે ઘણી વખત લખી શકાય છે.
- આ કાગળ માટે રસાયણો સિવાય પોલિમર થરનો ઉપયોગ કરવામાં આવે છે.
- તેના પર લખાયેલા શબ્દો અને ચિત્રો સામાન્ય ભીના કપડાથી સાફ કરી શકાય છે.
- સ્વચ્છ કાગળ માટે સસ્તા રસાયણો શોધવા (IIT) કાનપુર અને સિંગાપોરની ટેકનિકલ સંસ્થાઓ સાથે મળીને કામ કરશે.
- કમ્પ્યુટર મુદ્રિત વિશિષ્ટ પ્રકારના કાગળને સાફ કરવા ડી–પ્રિન્ટર બનાવવામાં આવે છે જેમાં સિંગાપોરની મદદ લેવામાં આવશે.

### (૪) કોલસા – ખાણ કામદાર દિન.

પ્રશ્ન :

૧ ૪ મે એ કયો દિવસ ઉજવાય છે ?
- કોલસા ખાણ કામદાર દિન

૨ હોકી ઇન્ડિયાએ અર્જુન એવોર્ડ માટે કઇ કઇ મહિલા ખેલાડીની ભલામણ કરી ?
- મનપ્રિતસિંહ અને સવિતા

૩ હોકી ઇન્ડિયાએ ધ્યાનચંદ પુરસ્કાર માટે કયા પુરૂષ ખેલાડીની ભલામણ કરી ?
- પુર્વ કેપ્ટન ભરત છેત્રી

૪ IRDAI ના નવા અધ્યક્ષનું નામ જણાવો ?
- સુભાષચંદ્ર ખૂંટિયા

૫ IRDAI નું પુરૂનામ જણાવો ?

Vivekanand Academy Gandhinagar

– ઇન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા

૬ IRDAI નું મુખ્યમથક કયાં આવેલું છે ?

– હૈદરાબાદ

૭ લાકડાનો ઉપયોગ કર્યા વિના કાગળ બનાવવાની સિદ્ધી કોણે મેળવી ?

– કાનપુરના શેખર ભારદ્વાજે

૮ IIT નું પુરૂનામ જણાવો ?

– ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી

## 5.May 2018

**(૧) દીપા આંબેડકર– NRI :**

– ભારતીય મુળના દીપા આંબેડકર ન્યૂયોર્ક સિટીના સિવિલ કોર્ટમાં વચગાળાના જજ બન્યા.

– રાજ રાજેશ્વરી બાદ દીપા ન્યૂયોર્કમાં બીજા મહિલા જજ બન્યા.

**(૨) વર્ષ ૨૦૧૮નો સાહિત્ય નોબેલ પુરસ્કાર નહીં અપાય :**

– મી ટું કેમ્પેઇન વિવાદના કારણે વર્ષ ૨૦૧૮નો સાહિત્ય નોબેલ પારિતોષિક રદ કરવામાં આવ્યો છે.

– આ વર્ષની ખોટ ભરપાઇ કરવા માટે આવતા વર્ષે ૨૦૧૯માં બે વિજેતાના નામ જાહેર કરાશે.

– આ અગાઉ સાહિત્યનું નોબેલ પારિતોષિક વર્ષ ૧૯૪૩માં બીજા વિશ્વયુધ્ધ વખતે રદ કરવામાં આવ્યું હતું.

– રસાયણ શાસ્ત્રી શ્રી આલ્ફ્રેડ નોબેલ દ્વારા ઇ.સ. ૧૮૯૫માં નોબેલ પારિતોષિકની સ્થાપના કરવામાં આવી હતી.

– હાલના સમયે શાંતિ, સાહિત્ય, રસાયણશાસ્ત્ર , શરિર વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એમ કુલ છ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન બદલ પારિતોષિક એનાયત કરવામાં આવે છે.

– વર્ષ ૧૯૦૧ થી દર વર્ષે નિયમિત પણે પારિતોષિક એનાયત કરવામાં આવે છે જેની જાહેરાત ઓક્ટોબર માસમાં કરવામાં આવે છે.

– પ્રથમ સાહિત્ય નોબેલ પ્રાઇઝ શ્રી સુલી પ્રધોમને એનાયત થયો હતો.

– વર્ષ ૨૦૧૭માં સાહિત્યનો નોબેલ પ્રાઇઝ જાપાનના અંગ્રેજી લેખક શ્રી કાઝુઓને એનાયત થયો હતો.

– વર્ષ ૧૯૧૩માં ભારતીય રવિન્દ્રનાથ ટાગોરને સાહિત્યક્ષેત્ર નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**(૩) FDI કોન્ફિડેન્સ ઇન્ડેક્સ – ૨૦૧૮ :**

– FDI ફોરેન ડાયરેક્ટર ઇન્વેસ્ટમેન્ટ.

– ગ્લોબલ કન્સલ્ટન્સી કંપની એટીકેર્ને દ્વારા તાજેતરમાં FDI કોન્ફિડેન્સ ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.

– આ ઇન્ડેક્સમાં ભારત ૧૧ માં સ્થાને રહ્યું.

– વર્ષ ૨૦૧૭માં ભારત ૮ માં ક્રમે હતું. જ્યારે વર્ષ ૨૦૧૬માં ભારતનો ક્રમ ૯ મો હતો.

– ભારતના સ્થાનમાં ઘટાડાનું કારણ કેટલીક સરકારી નિતીઓને માનવામાં આવે છે

– આ ઈન્ડેક્સમાં યુનાઇટેડ સ્ટેટ્સ સતત છઠ્ઠી વખત પ્રથમ સ્થાને રહ્યું છે

– જ્યારે કેનેડા અને જર્મની અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

પ્રશ્નો :

૧ ન્યુયોર્ક સિટીના સિવિલકોર્ટના વચગાળાના જજ તરીકે કયાં ભારતીયની નિમણૂક કરાઇ ?

– દીપા આંબેડકર

૨ કયા વિવાદના લીધે ૨૦૧૮નો સાહિત્ય નોબેલ પુરસ્કાર રદ થયો ?

– મી ટુ કેમ્પેઇન

૩ નોબેલ પારિતોષિકની સ્થાપના કોણે અને ક્યારે કરી ?

– આલ્ફ્રેડ નોબેલ દ્વારા ઇ.સ. ૧૮૯૫માં

૪ પ્રથમ સાહિત્ય નોબેલ પ્રાઇઝ કોને એનાયત થયો હતો ?

– શ્રી સુલી પ્રધોમ

૫ ૨૦૧૭નો સાહિત્ય નોબેલ પ્રાઇઝ કોને એનાયત થયો હતો ?

– શ્રી કાઝુઓને

૬ રવિન્દ્રનાથ ટાગોરને નોબેલ પુરસ્કાર ક્યારે એનાયત થયો હતો ?

– ૧૯૧૩માં

૭ FDI કોન્ફિડેન્સ ઇન્ડેક્સ–૨૦૧૮માં ભારતનો ક્રમ જણાવો ?

– ૧૧ માં

૮ FDI નું પુરૂનામ જણાવો ?

– ફોરેન ડાયરેક્ટર ઇન્વેસ્ટમેન્ટ

## 6.May 2018

**(૧) મોતિલાલ નહેરૂ જન્મજયંતિ :**

– ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂના પિતા મોતીલાલ નહેરૂનો જન્મ ૬ મે, ૧૮૬૧ના રોજ આગ્રા ખાતે થયો હતો.

– તેઓ ૧૯૧૯–૨૦ અને ૧૯૨૮–૨૯ એમ બે વખત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂક્યા હતા.

– તેઓ અલ્હાબાદના જાણીતા વકીલ હતા.

– ૧૯૧૯માં અમૃતસરમાં જલિયાવાલા બાગ હત્યાકાંડ બાદ તેમણે મહાત્મા ગાંધીએ કરેલ આહ્વાન પર વકીલાત છોડી દીધી હતી.

– તેમણે ચિત્તરંજનદાસ સાથે ૧૯૨૩માં સ્વરાજ પાર્ટી રચી હતી.

– તેમણે આઝાદીતની લડત દરમિયાન ભારતીઓની બાબતોને સામે લાવવા ઇન્ડિપેન્ડન્ટ અખબાર પણ ચલાવ્યુ હતું.

– તેમનું અવસાન ૧૯૩૧માં અલ્હાબાદ ખાતે થયું હતું.

**(૨) મૃદુલાબેન સારાભાઇ જન્મજયંતિ :**

– મૃદુલાબેન સારાભાઇનો જન્મ ૬ મે, ૧૯૧૧ના રોજ થયો હતો.

– તેમના પિતા અંબાલાલ સારાભાઇ ઉદ્યોગપતિ હતા.

– મૃદુલાબેન મહાત્મા ગાંધીના પ્રભાવમાં આવ્યા બાદ અભ્યાસ છોડી મીઠા સત્યાગ્રહમાં જોડાયા હતા.

– તેમણે હિન્દી રાષ્ટ્રીય મહાસભાના મહિલા મોરચાનું નેતૃત્વ કર્યું હતું.

Vivekanand Academy Gandhinagar

- આઝાદી – પહેલા તેમની નિમણૂંક કોંગ્રેસના મહામંત્રી તરીકે પણ થઇ હતી.
- તેમના જીવન અને કાર્યને પ્રમાણતુ પુસ્તક 'રિબેલ વિથકોઝ' લેખક અપર્ણા બાસુ દ્વારા લખાયું છે.
- તેમનું અવસાન ૨૭ ઓક્ટોબર ૧૯૭૪ના રોજ થયું હતું.

**(૩) ઇનસાઇટ – સ્પેસક્રાફટ :**

- નાસા દ્વારા મંગળ ગ્રહ પર ઇનસાઇટ સ્પેસક્રાફટ મોકલવામાં આવ્યું.
- આ સ્પેસક્રાફટ મંગળના આંતરિક ભાગોનો અભ્યાસ કરશે.
- તેને કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ એરફોર્સ બેઝથી એપ્લસ વી રોકેટથી લોન્ચ કરાયું.
- તેનું પુરૂ નામ ઇન્ટિરિયર એક્સ્પ્લોરેશન યુઝીંગ સિસ્મિક ઇન્વેસ્ટિગેશન જીયોડીસી છે.
- સૌર ઉર્જા અને બેટરીથી ચાલતું આ યાન ર૬ મહિના કાર્ય કરશે.
- યાનનું વજન ૩૫૮ કિ.ગ્રા છે જેનું મુખ્ય ઉપકરણ સિસ્મોમીટર છે જે ઉપકરણ ભૂકંપ માપવાનું કાર્ય કરે છે.
- આ યાનનું નિર્માણ લોકહીડ માર્ટીન સ્પેસ સિસ્ટમ દ્વારા કરવામાં આવ્યું છે.

**(૪) લાખોટા મ્યુઝિયમનું લોકાર્પણ – જામનગર :**

- ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા જામનગર ખાતે આવેલ લાખોટા મ્યુઝિયમનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- જામનગરના રણમલ તળાવની મધ્યમાં આવેલા લાખોટા મ્યુઝિયમના રિનોવેશન તથા બ્યુટીફિકેશન માટે રૂા. ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- લાખોટા મ્યુઝિયમ રણમલ તળાવની મધ્યમાં આવેલા કોઠામાં છે જે કોઠાનું નિર્માણ દુષ્કાળ સમયે રાહત માટે જામનગરના રાજવી જામરણમલજી દ્વારા કરવામાં આવ્યું હતું.
- જામનગર શહેરના એકમાત્ર આ મ્યુઝિયમમાં વ્હેલ માછલીનું વિશાળ હાડપીંજર મુકવામાં આવ્યું છે.

પ્રશ્ન

૧ ૬ મેના રોજ કોની જન્મજયંતિ ઉજવાય ?
– મોતીલાલ નહેરૂ – મૃદુલાબહેન સારાભાઇ
૨ મોતીલાલ નહેરૂનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?
– ૬ મે, ૧૮૬૧, આગ્રા ખાતે
૩ મોતીલાલ નહેરૂએ ચિતરંજનદાસ સાથે મળી સ્વરાજ પાર્ટી ક્યારે રચી હતી ?
– ૧૯૨૩
૪ મૃદુલાબેન સારાભાઇનો જન્મ ક્યારે થયો હતો ?
– ૬ મે ૧૯૧૧
૫ રિબેલ વિથ કૉઝ ના લેખક જણાવો ?
– અપર્ણા બાસુ
૬ તાજેતરમાં નાસા દ્વારા સ્પેસ ક્રાફ્ટ મોકલવામાં આવ્યું ?
– ઇનસાઇટ
૭ ઈનસાઇટનું પુરૂનામ જણાવો ?
– ઇન્ટિરિયર એક્સ્પ્લોરેશન યુઝીંગ સિસ્ટમ ઇન્વેસ્ટિગેશન જીયોડીસી
૮ જામનગર ખાતે આવેલ લાખોટા મ્યુઝિયમનું લોકાર્પણ કોના હસ્તક થયું હતું ?
– શ્રી વિજયભાઇ રૂપાણી

## 7.May 2018

**(૧) GST સહેલી : વેબ પોર્ટલ :**

- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ૭ મે, ૨૦૧૮ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે જીએસટી સહેલી વેબ પોર્ટલ તથા મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો.
- આ વેબ પોર્ટલ ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા વિકસાવેલ છે.

**જીએસટી સહેલી :**

- સરળતાથી સમજી શકાય તેવી રીતે અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં GST સહેલી વેબપોર્ટલનો શુભારંભ.
- ન્યુનતમ પાલન ખર્ચ
- તેમા હેલ્પલાઇન સેવા / જીએસટી સહાયની સુવિધા હશે.
- સખી મંડળ, સેવા મંડળી, સહકારી મંડળી, માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝને GST ના પાલનની ચિંતામાંથી હવે મુક્તિ મળશે.

**મુખ્યમંત્રી ગ્રામોદય યોજના :**

- ગુજરાતના ૫ લાખ કુટુંબોને માસિક ઓછામાં ઓછી રૂા. ૮૦૦૦/– ની આવક પ્રાપ્ત કરાવવાની કટિબધ્ધતા એટલે મુખ્યમંત્રી ગ્રામોદય યોજના
- યોજનાનો મુખ્ય હેતુ લઘુ ઉદ્યોગો, નાના એકમો, સ્વ– સહાય જૂથો અને સંયુક્ત જવાબદારી હેઠળના આવક અને બચત કરતા જૂથોને ઔદ્યોગીક એકમો સાથે જોડી ગ્રામિણ ક્ષેત્રે મહિલાઓને રોજગારી આપવાનો છે.
- ઉપરાંત ગ્રામીણ સ્તરે યુવા વર્ગને સેવાક્ષેત્રે આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ સાથે જોડવાની નેમ.

**(૨) ઇન્ડો – શ્રીલંકા સમિટ : દવાઓ સંબંધિત ગુનાઓ માટે :**

- ભારત અને શ્રીલંકાએ દવાઓ સંબંધિત ગુનાઓનો સામનો કરવા માટે પરસ્પર સહકાર વધારવાનો નિર્ણય કર્યો છે.
- બંને દેશની એન્ટિ – માદક પદાર્થોની એજન્સીઓની બે દિવસીય દ્વિપક્ષીય બેઠક યોજાઇ હતી.
- આતંકવાદ અને ગેરકાયદેસર ડ્રગ હેરફેરને રોકવા માટે આ બેઠક યોજવામાં આવી હતી.
- ૨૦૧૩ ઇન્ડો શ્રીલંકા સમજુતીના ભાગમાં આ બંને દેશોની ત્રીજી દ્વિપક્ષી બેઠક છે.

**(૩) પન્નાલાલ પટેલ – જન્મજયંતિ :**

- ગુજરાતના મહાન સાહિત્યકાર પન્નાલાલ પટેલાની આજે ૧૦૬ મી જન્મજયંતિ છે.
- જન્મ : ૭ મે ૧૯૧૨ ડુંગરપુર, રાજસ્થાન
- તેમને 'માનવીની ભવાઇ' નવલકથા માટે ૧૯૮૫માં જ્ઞાનપીઠ (૨૧ મો) પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

– તેમની પ્રખ્યાત કૃતિ : મળેલા જીવ, ઘમ્મર વલોણું, વળામણા, ભાંગ્યાના ભેરું
– અવસાન : ૭ ઓગષ્ટ ૧૯૮૯ અમદાવાદ

**(૪) રવિન્દ્રનાથ ટાગોર : જન્મજયંતિ :**

– બંગાળી કવિ, નાટ્યકાર, ચિત્રકાર, સાહીત્યકાર અને ફિલોસોફર રવિન્દ્રનાથ ટાગોરની આજે ૧૫૭ મી જન્મજયંતિ છે.
– જન્મ : ૭ મે ૧૮૬૧ – કોલકત્તા
– તેમણે માત્ર ૧૨ વર્ષની ઉંમરે પ્રથમ કવિતા લખી હતી.
– ભારતનું રાષ્ટ્રગાન જન ગણ મન ની રચના પણ તેમણે કરી છે.
– ઉપરાંત બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત પણ તેમની રચના છે.
– તેમને ૧૯૧૩ માં સાહિત્ય માટેનો નોબલ પારિતોષિક મળ્યો હતો
– આ પારિતોષિક તેમને ગીતાંજલી કાવ્યસંગ્રહ માટે મળ્યો હતો.
– તેઓ એશિયાના પ્રથમ નોબલ પારિતોષિક મેળવનાર વ્યક્તિ હતા
– અવસાન : ૭ ઓગષ્ટ ૧૯૪૧ – કોલકત્તા

**પ્રશ્નો :**

૧ જીએસટી સહેલી શું છે ?
– વેબ પોર્ટલ
૨ જીએસટી સહેલીનો શુભારંભ કોના હસ્તક થયો હતો ?
– મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી
૩ જીએસટી સહેલીનો શુભારંભ ક્યારે થયો ?
– ૭ મે ૨૦૧૮
૪ જીએસટી સહેલીમાં કઈ કઇ ભાષાનો સમાવેશ છે ?
– અંગ્રેજી તથા ગુજરાતી
૫ ગ્રામિણ ક્ષેત્રે મહિલાઓને રોજગારી આપવા માટે કઇ યોજના દાખલ કરાઇ ?
– મુખ્યમંત્રી ગ્રામોદય યોજના
૬ તાજેતરમાં દવાઓ સંબધિત ગુના રોકવા માટે કયા બે દેશો વચ્ચે સમિટ યોજાઇ ?
– ભારત – શ્રીલંકા
૭ તાજેતરમાં પન્નાલાલ પટેલની કેટલામી જન્મજયંતિ ઉજવાય ?
– ૧૦૬ મી જન્મજયંતિ
૮ પન્નાલાલ પટેલનો જન્મ કયાં રાજયમાં થયો હતો ?
– રાજસ્થાન
૯ માનવીની ભવાઇ કૃતિને જ્ઞાનપીઠ એવોર્ડ ક્યારે એનાયત થયો હતો ?
– ૧૯૮૫
૧૦ મળેલા જીવ, ભાંગ્યાના ભેરું, કૃતિના કર્તા જણાવો ?
– પન્નાલાલ પટેલ
૧૧ રવિન્દ્રનાથ ટાગોરની તાજેતરમાં કેટલામી જન્મજયંતિ ઉજવાઇ હતી ?
– ૧૫૭મી
૧૨ રવિન્દ્રનાથ ટાગોરે પ્રથમ કવિતા કેટલા વર્ષની ઉંમરે લનખી હતી ?
– ૧૨ વર્ષની ઉંમરે
૧૩ બાંગ્લાદેશના રાષ્ટ્રગીતની રચના કોણે કરી ?
– રવિન્દ્રનાથ ટાગોર
૧૪ 'ગીતાજંલી' કૃતિને નોબેલ પારિતોષિક ક્યારે એનાયત થયો હતો ?
– ૧૯૧૩

## 8.May 2018

**(૧) ગિરિજા દેવી – જન્મજયંતિ :**

– ઠુમરીના રાણી તરીકે પ્રસિધ્ધ થયેલા ભારતીય શાસ્ત્રીય સંગીતકાર ગિરિજાદેવીની આજે જન્મજયંતિ છે.
– તેમનો જન્મ ઉત્તરપ્રદેશના વારાણસીમાં જમીનદાર પરીવારમાં થયો હતો.
– ગુરૂ સરજુપ્રસાદ મિશ્રા પાસે સંગીતની તાલીમ લઇ ૧૯૪૯માં સૌપ્રથમ કાર્યક્રમ અલ્હાબાદ રેડિયો પર આપ્યો હતો.
– બનારસ ઘરાનાના આ ગાયીકા પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, રાષ્ટ્રીય તાનસેન પુરસ્કાર, સંગીત નાટક અકાદમી પુરસ્કાર એમ અનેક પુરસ્કારથી સન્માનીત થયા છે.
– તાજેતરમાં ૨૪ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ તેમનું અવસાન થયું હતું.

**(૨) એશિયા – મીડિયા સમીટ :**

– ભારત ૧૫ મી એશિયા મીડિયા સમીટ – ૨૦૧૮ની યજમાની કરશે.
– આ સમિટનું આયોજન નવી દિલ્હીમાં થશે.
– આ સમિટનો વિષય : 'ટેલીંગ અવર સ્ટોરીઝ – અશિયા એન્ડ મોર' રાખવામાં આવેલ છે.
– સમિટનું આયોજન એશિયા – પેસિફિક ઇન્સ્ટિટ્યૂટ ફોર બ્રોડકાસ્ટીંગ ડેવલપમેન્ટ દ્વારા તેના ભાગીદારો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે મળીને કરવામાં આવ્યું.
– તેનું લક્ષ્ય એશિયામાં બ્રોડકાસ્ટર્સ માટે બ્રોડકાસ્ટ અને માહિતી પર તેમના મંતવ્યો શેર કરવાની તક પુરી પાડવાનું છે.
– એશિયા પેસિફિક ઇન્સ્ટિટ્યૂટ ફોર બ્રોડકાસ્ટિંગ ડેવલપમેન્ટ એક પ્રાદેશિક આંતરસરકારી સંસ્થા છે.
– યુનેસ્કો હેઠળ આ સંસ્થાની સ્થાપના ૧૯૭૭માં થઇ હતી.
– મુખ્ય મથક : કુઆલાલુમ્પુર, મલેશિયા

**(૩) વ્લાદિમીર પુટીન – રશિયા રાષ્ટ્રપતિ :**

– વ્લાદિમીર પુટીને ચોથીવાર રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.
– તેની સાથે જ છ વર્ષનો ચોથો કાર્યકાળ શરૂ થયો.
– અત્યાર સુધીમાં પુટીને લગભગ ૨૦ વર્ષનો કાર્યકાળ પુરો કર્યો છે તે ૧૯૯૯ થી સત્તા પર છે.
– માર્ચ ૨૦૧૮માં યોજાયેલ ચૂંટણીમાં પુટીનને કુલ ૭૬.૯% મત મળ્યા હતા.
– જોસેફ સ્ટાલીન બાદ તેઓ સૌથી લાંબો સમય શાસન કરનારા નેતા બન્યા છે.
– જોસેફ સ્ટાલીન ૧૯૨૨ થી ૧૯૫૨ સુધી ૩૦ વર્ષ શાસન કર્યું હતું.

**(૪) દુનિયાનો સૌથી સક્રીય જ્વાળામુખી વિકરાળ બન્યો :**

Vivekanand Academy Gandhinagar

- અમેરિકાના હવાઇમાં સ્થિત દુનિયાના સૌથી સક્રીય કિલુઆ જ્વાળામુખીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે.
- ભયંકર વિસ્ફોટ થતા ૩૩૦ ફૂટ ઉંચાઇ સુધી લાવા ઉછળ્યો હતો.
- ૫ દિવસમાં ભૂકંપના ૫૦૦ થી વધુ આચંકાના લીધે સ્થિતિ બગડી હતી.

પ્રશ્નો :

૧ ગિરિજાદેવી બીજા કયા નામે ઓળખાતા હતા ?
- ઠુમરીના રાણી

૨ ગિરિજાદેવીનો જન્મ કયાં રાજયમાં થયો હતો ?
- ઉત્તરપ્રદેશ

૩ ૧૫ મી એશિયા – મીડિયા સમીટ– ૨૦૧૮ની યજમાની કોણ કરશે ?
- ભારત

૪ એશિયા – મીડિયા સમીટ –૨૦૧૮નો વિષય જણાવો ?
- ટેલીંગ અવર સ્ટોરીઝ – એશિયા એન્ડ મોર

૫ એશિયા – પેસિફિક ઇન્સ્ટિટ્યૂટ ફોર બ્રોડકાસ્ટિંગ ડેવલપમેન્ટની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૯૭૭

૬ રશિયાના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- વ્લાદિમીર પુટીન

૭ વ્લાદિમીર પુટીનને ૨૦૧૮ની ચુંટણીમાં કુલ કેટલા મત મળ્યા હતા ?
- ૭૬.૯%

૮ દુનિયાનો સૌથી સક્રીય જ્વાળામુખીનું નામ જણાવો ?
- કિલુઆ

## 9.May 2018

### (૧) ગોપાલકૃષ્ણ ગોખલે :

- ભારતના સ્વતંત્રતા સેનાની, વિચારક અને સમાજ સેવક ગોપાલકૃષ્ણ ગોખલેની આજે ૧૫૨મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના કોથાપુર ગામે થયો હતો.
- તેઓ કોંગ્રેસની મવાળવાદી વિચારધારાના સમર્થક હતા.
- વર્ષ ૧૯૦૫માં કોંગ્રેસના પ્રમુખ પણ થયા હતા.
- ગાંધીજીએ તેમની આત્મકથામાં ગોખલેને ગંગા જેવા પવિત્ર કહી પોતાના રાજકીય ગુરૂ કહ્યા હતા.

### (૨) વિશ્વ કૃષિ મહોત્સવ :

- ઇઝરાયલમાં ત્રણ દિવસ માટે વિશ્વ કૃષિ મહોત્સવ યોજાયો.
- જેમાં વિશ્વના જુદા જુદા દેશમાંથી ખેડુતોએ ભાગ લીધો.
- આ મહોત્સવમાં ભારતના ૪૦ ખેડુતોએ ભાગ લીધો.
- ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ગેનાભાઇ ચૌધરીએ પણ આ મહોત્સવમાં ભાગ લીધો હતો.
- ગેનાભાઇને એક ખાનગી કંપની દ્વારા વિશ્વ કૃષિ મહોત્સવમાં મોકલવામાં આવ્યા છે.
- આ મહોત્સવમાં વિવિધ દેશોની ખેતી કરવાની પધ્ધતિ અને મુખ્યત્વે ઓછામાં ઓછો ખર્ચ કરીને વધુમાં વધુ ઉત્પાદન કરી શકાય તેનો અભ્યાસ કરાવમાં આવ્યો.
- ભારત સરકાર દ્વારા ગેનાભાઇ ચૌધરીને દાડમની ખેતીમાં ક્રાંતિ લાવવા બદલ પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

### (૩) IIT ગાંધીનગર અને નૌકાદળ સમજુતી કરાર :

- ભારતીય નૌકાદળે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર સાથે એક સમજુતી કરાર કર્યો છે.
- આ કરાર અંતર્ગત ભારતીય નૌકાદળના કર્મચારીઓને સંસ્થામાં વિવિધ પીએચડી અને એમટેકના અભ્યાસક્રમોમાં ભાગ લેવાની અને સાથે જ શિક્ષણના ક્ષેત્રમાં સહયોગ, સંશોધન અને ઇન્ટર્નશીપ પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવાની તક પુરી પાડશે.
- સમજુતી કરાર અંતર્ગત IIT અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ભારતીય નૌકાદળની મુલાકાતનો પણ સમાવેશ થાય છે.

### (૪) એશિયા પાવર ઇન્ડેક્સ :

- એશિયા પ્રશાંત મહાસાગર વિસ્તારના ૨૫ દેશના પાવર ઇન્ડેક્સમાં ભારત ચોથા ક્રમની વિશાળ શક્તિ તરીકે પસંદગી પામી છે.
- ઇન્ડેક્સમાં એશિયા પ્રશાંત ક્ષેત્રના ૨૫ દેશના વિભિન્ન મુદ્દા ચકાસવામાં આવ્યા હતા.
- કોઇપણ દેશને પાવર ઇન્ડેક્સમાં ક્રમ આપવા માટે રેન્કિંગમકાં તેમના આર્થિક સંસાધનો, જળ ક્ષમતા, ભવિષ્યની પ્રવૃત્તિઓ, રાજકીય સંબંધ અને સાંસ્કૃતિક પ્રભાવ જેવા પરિબળને ધ્યાન રાખી દેશનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- ઓસ્ટ્રેલિયાની 'થીંધ ધેટ ધ લોબી' ઇન્સ્ટિટ્યૂટના પ્રથમ રેન્કિંગ ઇન્ડેક્સમાં ભારતને ચોથું સ્થાન આપવામાં આવ્યું છે.
- આ રેન્કિંગમાં અમેરિકા, ચીન અને જાપાન અનુક્રમે પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમ પર છે.

પ્રશ્નો :

૧ ગોપાલકૃષ્ણ ગોખલેની તાજેતરમાં કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?
- ૧૫૨ મી

૨ ગાંધીજીના રાજકીય ગુરૂનું નામ જણાવો ?
- ગોપાલકૃષ્ણ ગોખલે

૩ ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મ કયાં થયો હતો ?
- મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના કોથાપુર ગામે

૪ તાજેતરમાં વિશ્વ કૃષિ મહોત્સવ કયાં યોજાયો હતો ?
- ઇઝરાયલ

૫ વિશ્વ કૃષિ મહોત્સવમાં ભારતના કેટલા ખેડુતોએ ભાગ લીધો હતો ?
- ૪૦ ખેડુતોએ

૬ અશિયા પાવર ઇન્ડેક્સમાં ભારત કેટલામાં સ્થાને રહ્યું ?
- ચોથા ક્રમે

૭ 'થીંક ધેટ ધ લોબી' ઇન્સ્ટિટ્યૂટ કયાં આવેલી છે ?
- ઓસ્ટ્રેલીયા

## 10.May 2018

Vivekanand Academy Gandhinagar

(૧) જળ સંપત્તિ દિન

**(૨) નેલ્સન મંડેલા – દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ**

- નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ તરીકે ૧૦ મે ૧૯૯૪માં રોજ શપથ લીધા હતા.
- લોકશાહી ઢબે ચૂંટણી થયા બાદ નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકાની રાજધાની પ્રિટોરીયામાં શપથ લીધા હતા.
- તેમણે ૧૯૯૯માં રાષ્ટ્રપતિ પદ છોડ્યું હતું.

**(૩) માનવ ઠક્કર : ટેબલ ટેનિસ**

- ગુજરાતના ટેબલ ટેનિસ ખેલાડી માનવ ઠક્કરે બેંગકોંગમાં યોજાયેલી યુથ ઓલિમ્પિક ગેમ્સમાં મેન્સ સિંગલ્સ ટાઇટલ જીતી લીધું.
- આ જીત સાથે તેણે યુથ ઓલિમ્પિકમા ક્વોલિફાય કરી લીધું
- આ સાથે માનવ યુથ ઓલિમ્પિકમાં ક્વોલિફાય થનાર પ્રથમ ગુજરાતી ખેલાડી બન્યો.
- હાલમાં વર્લ્ડ જુનિયર રેન્કિંગમાં માનવ ઠક્કર બીજું સ્થાન ધરાવે છે.

**(૪) વિશ્વના ૭૫ સૌથી શક્તિશાળી લોકોની યાદી : ફોર્બ્સ**

- જાણીતા મેગેઝીન ફોબ્સે ૨૦૧૮ માટે વિશ્વના ૭૫ સૌથી શક્તિશાળી લોકોની યાદી બહાર પાડી.
- આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ માં ક્રમે છે. વર્ષ ૨૦૧૭માં પણ તેઓ ૯ માં ક્રમે હતા.
- મુકેશ અંબાણી આ યાદીમાં સામેલ બીજા ભારતીય છે. જેઓ ૩૨માં ક્રમે છે.
- આ યાદીમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપીંગ સૌથી શક્તિશાળી બની ગયા છે.

**(૩) વિશ્વની સૌથી મોટી ઇ–કોમર્સ ડીલ :**

- દુનિયાની સૌથી મોટી રિટેલ કંપની વોલમાર્ટ ભારતની ઇ–કોમર્સ કંપની ફ્લિપકાર્ટને ખરીદશે.
- અમેરિકન કંપની ૧૬ અબજ ડોલર (૧.૦૭ લાખ કરોડ રૂા.) માં ફ્લિપકાર્ટની ૭૭ ટકા ભાગીદારી લેશે.
- ફ્લિપકાર્ટમાં બાકીનું ૨૩ ટકા હોલ્ડિંગ સહ સ્થાપક બિન્ની બંસલ, ટેનસેન્ટ હોલ્ડિંગ્સ, ટાઇગર ગ્લોબલ મેનેજમેન્ટ અને માઇક્રોસોફ્ટ પાસે રહેશે.
- આ ડીલ બાદ ઓછી કિંમત સાથે વધારે પ્રોડક્ટ કેટેગરી મળશે.
- સપ્લાયચેન અને સીધી નોકરી તરીકે નવા રોજગારની શક્યતા છે.
- ભારતીય ઉધમીઓ માટે નિકાસની તક વધશે.
- લોકલસોર્સિંગથી ખેડૂતોને ફાયદો થશે.
- હરિફાઇ વધવાથી ખેતી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધશે.

**(૬) રાજ્ય સરકારના બે મહત્વના નિર્ણય :**

**– માર્ગ અકસ્માતમાં ઇજાગ્રસ્તને ૪૮ કલાક સુધી સારવાર ખર્ચ**

- રાજ્ય સરકાર હવે માર્ગ અકસ્માતમાં ઇજાગ્રસ્તને ૪૮ કલાક સુધી સારવારનો ખર્ચ ઉપાડશે.
- ખાનગી હોસ્પિટલમાં સારવારના કેસમાં રૂા. ૫૦ હજાર સુધીનો ખર્ચ સરકાર આપશે.
- આ માટે બજેટમાં રૂા. ૩૦ કરોડની ફાળવણી કરાઇ છે.
- રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૨૯૩૦૯ અકસ્માતો થાય છે.
- જેમાં ૬૪૮૩ લોકો મૃત્યુ પામે છે.
- મૃત્યુઆંક ઘટાડવા સરકાર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવાયો છે.

**– ૧૨ મું પાસ કરનારા NRG જનરલ ક્વોટામાં પણ મેડીકલ પ્રવેશ મેળવી શકશે.**

- રાજ્યમાં મેડીકલની વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટેના નિયમોમાં સરકારે ફેરફાર કર્યા છે.
- વિદેશમાં જન્મેલા મૂળ ગુજરાતી વિદ્યાર્થીએ ધો–૧૨ ગુજરાતમાંથી પાસ કર્યું હશે તો તેને મેડીકલમાં NRI ની સાથે સામાન્ય કોટામાં પણ પ્રવેશ મળી શકશે.
- આવા વિદ્યાર્થીઓ એનઆરઆઇ ક્વોટા માટે અને સામાન્ય ક્વોટા બંને માટે પાત્ર ગણાશે.

પ્રશ્ન :

૧ ૧૦ મે કયો દિવસ ઉજવાઇ છે ?
– જળ સંપત્તિ દિન
૨ દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
– નેલ્સન મંડેલા
૩ દક્ષિણ આફ્રીકાની રાજધાનીનું નામ જણાવો ?
– પ્રિટોરિયા
૪ યુથ ઓલિમ્પિક ગેમ્સ–૨૦૧૮નું આયોજન ક્યાં થયું હતું ?
– બેંગકોંગ
૫ માનવ ઠક્કર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– ટેબલ ટેનિસ
૬ વિશ્વના ૭૫ સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં મોદીનો ક્રમ જણાવો ?
– ૯ માં ક્રમે
૭ વિશ્વનાં ૭૫ સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં પ્રથમ ક્રમે કોણ છે ?
– ચીનના રાષ્ટ્રપતિ શી જિનપીંગ
૮ વિશ્વની સૌથી મોટી રિટેલ કંપનીનું નામ જણાવો ?
– વોલમાર્ટ
૯ રાજ્ય સરકાર અકસ્માતમાં ઇજાગ્રસ્તને કેટલી કલાક સુધી મફત સારવાર આપશે ?
– ૪૮ કલાક

## 11.May 2018

**(૧) મૃણાલિની સારાભાઇ :**

- ભરતનાટ્યમ અને કથકલી નૃત્યના નિષ્ણાંત મૃણાલિની સારાભાઇની આજે ૧૦૦ મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ૧૧ મે ૧૯૧૮ના રોજ કેરળમાં થયો હતો.
- તે અમદાવાદ શહેરમાં નૃત્ય, નાટક, મ્યુઝિક અને કઠપૂતળીમાં તાલીમ આપતી સંસ્થા દર્પણ એકેડમીના સ્થાપક હતા.
- તે ભારતીય ભૌતિક વિજ્ઞાની વિક્રમ સારાભાઇના પત્નિ હતા

- તેમને ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૫માં પદ્મશ્રી અને ૧૯૯૨માં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનીત કરાયા હતા.

**(૨) ઓપરેશન શક્તિ (પોખરણ –II )**

- ૧૯૯૮મ આજના દિવસે ભારતે પરમાણુ પરીક્ષણ કર્યા હતા.
- આ પાંચ પરિક્ષણ પાકિસ્તાન સરહદથી ફક્ત ૧૫૦ કિ.મી. દૂર રાજસ્થાનના પોખરણમા કર્યા હતા.
- આ પરિક્ષણ સમયે ભારતના વડાપ્રધાન અટલબિહારી વાજપેયી હતા.
- આ ભારતનું બીજું પરમાણુ પરિક્ષણ હતું. પ્રથમ પરિક્ષણ 'સ્માઇલીંગ બુધ્ધા' મે, ૧૯૭૪માં કરાયું હતું.

**(3) મહાતીર મહમ્મદ : મલેશિયા PM :**

- મહાતીર મહમ્મદે મલેશિયાના પી.એમ. પદ માટે શપથ લીધા.
- આ સાથે ૯૩ વર્ષના મહતીર વિશ્વના સૌથી મોટી ઉંમરના વડાપ્રધાન બન્યા.
- મહાતીર આ અગાઉ વર્ષ ૧૯૮૧ થી ૨૦૦૩ સુધી ૨૦ વર્ષ મલેશિયાનું પ્રધાનમંત્રી પદ સંભાળી ચૂક્યા છે.
- મલેશિયા રાજધાની – કુઆલાલુમ્પુર
- ચલણ : મલેશિયન રિંગગિટ

પ્રશ્ન :

૧ તાજેતરમાં મૃણાલીની સારાભાઇની કેટલામી જન્મ જયંતિ ઉજવાઇ ?
- ૧૦૦ મી

૨ મૃણાલીની સારાભાઇ કયા નૃત્યમાં નિષ્ણાંત હતા ?
- ભરતનાટ્યમ્ કથકલી

૩ મૃણાલીની સારાભાઇ નો જન્મ કયાં રાજયમાં થયો હતો ?
- કેરળ

૪ મૃણાલીની સારાભાઇને પદ્મભૂષણ ક્યારે એનાયત થયો હતો ?
- ૧૯૯૨માં

૫ ઓપરેશન શક્તિ (પોખરણ–૨) નું પરીક્ષણ ક્યારે થયું હતું ?
- ૧૧ મે ૧૯૯૮

૬ ભારતનું પ્રથમ પરમાણુ પરિક્ષણનું નામ જણાવો ?
- સ્માઇલીંગ બુધ્ધા

૭ મલેશિયાના નવા PM નું નામ જણાવો ?
- મહાતીર મહમ્મદ

૮ વિશ્વના સૌથી મોટી ઉંમરના વડાપ્રધાનનું નામ જણાવો ?
- મહાતીર મહમ્મદ

૯ મલેશિયાની રાજધાનીનું નામ જણાવો ?
- કુઆલાલુમ્પુર

૧૦ મલેશિયાનું ચલણ કયા નામે ઓળખાય છે ?
- મલેશિયન રિંગગિટ

## 12.May 2018

**(૧) આંતરરાષ્ટ્રીય નર્સીસ ડે**

**(૨) વડાપ્રધાન મોદી નેપાળ પ્રવાસ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેપાળના બે દિવસીય પ્રવાસે ગયા.
- ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ મોદીનો આ ત્રીજો નેપાળ પ્રવાસ છે.
- મોદી અને નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી પ્રતિનિધિ મંડળ સ્તરની મંત્રણા કરશે.
- નેપાળમાં નવું બંધારણ લાગુ થયા બાદ બનેલી નવી સરકારમાં તેમનો આ પ્રથમ પ્રવાસ છે.
- વડાપ્રધાન નેપાળના જકનકપુરમાં રૂા. ૬ હજાર કરોડની વિદ્યુત પરિયોજના અરૂણ–૩ હાઇડ્રો પાવર પ્રોજેક્ટનો રિમોર્ટ સિસ્ટમથી શિલાન્યાસ કર્યો.
- જનકપુરમાં તેમણે ૨૦ મી સદીના પ્રસિધ્ધ જાનકી મંદિરમાં દર્શન કર્યા.
- ત્યારબાદ જનકપુર અને અયોધ્યા વચ્ચે સીધી બસસેવાને લીલી ઝંડી આપી.

**(૩) છઠ્ઠી યુએસ– ઇન્ડિયા એવિએશન સમિટ :**

- મુંબઇ ખાતે ૯ થી ૧૧ મે દરમિયાન છઠ્ઠી યુનાઇટેડ સ્ટેટ્સ–ભારત એવિએશન સમિટ યોજવામાં આવી હતી.
- કેન્દ્રિય ઉડ્ડયન પ્રધાન સુરેશ પ્રભુ દ્વારા તેનું ઉદ્દઘાટન થયું હતું.
- આ સમિટ દ્વારા પરસ્પર ટેક્નોલોજીને ઓળખવાના પ્રયાસો તેમજ વિવિધ કરાર થાય છે.

પ્રશ્નો :

૧ ૧૨ મે એ કયો દિવસ ઉજવાય છે ?
- આંતરરાષ્ટ્રીય નર્સીસ ડે

૨ નેપાળના વડાપ્રધાનનું નામ જણાવો ?
- કે.પી. શર્મા ઓલી

૩ વડાપ્રધાન બન્યા બાદ મોદીનો કેટલામો નેપાળ પ્રવાસ છે ?
- ત્રીજો

૪ નેપાળમાં આવેલું જાનકીમંદિર કેટલામી સદીનું છે ?
- ૨૦ મી સદી

૬ નરેન્દ્ર મોદીએ તાજેતરમાં નેપાળ–ભારતનાં કયાં બે શહેરો વચ્ચેની બસ સેવાની લીલી ઝંડી આપી ?
- જનકપુર અને અયોધ્યા

૬ છઠ્ઠી યુએસ– ઇન્ડિયા એવિએશન સમિટનું આયોજન કયાં થયું હતું ?
- મુંબઇ

૭ ભારતના કેન્દ્રિય ઉડ્ડયન પ્રધાનનું નામ જણાવો ?
- સુરેશ પ્રભુ

## 13.May 2018

**(૧) મધર્સ ડે :**

- દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે.

**(૨) પીટરમેરિટ્ઝબર્ગ રેલવે સ્ટેશનને ખાદીથી શણગારાશે :**

- રાષ્ટ્રપિતા મહત્મા ગાંધીને દક્ષિણ આફ્રિકામાં તેમની વ્હાઇટ્સ ઓન્લી કોચની ફર્સ્ટ ક્લાસની સીટ ન છોડવા બદલ ૧૨૫ વર્ષ અગાઉ જે સ્થળે ટ્રેનમાંથી ઉતારી મુકાયા હતા તે પીટરમેરિટ્ઝ બર્ગ રેલવે સ્ટેશનને તથા ટ્રેનને ખાદીના કાપડથી શણગારવામાં આવશે.
- ગાંધીજી સાથે ૧૮૯૩માં બનેલી ઘટનાને આ વર્ષ ૭ જુને ૧૨૫ વર્ષ પુરા થઈ રહ્યાં છે.

- ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશનને ભારતીય હાઇકમિશન, પ્રિટોરીયા અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઇન્ડિયા, ડરબન તરફથી ૪૦–૫૦ મીટર લાંબા અને ૩૬ ઇંચ પહોળા ખાદીના કાપડના ૪૦૦ મીટરના ઓર્ડર મળ્યા છે.
- આ નિમિત્તે દક્ષિણ આફ્રિકામાં યોજાનારા એક કાર્યક્રમમાં કેન્દ્રિય વિદેશ મંત્રી સુષમા સ્વરાજ પણ ઉપસ્થિત રહેશે.

**(૩) GST હેઠળ ડિજિટલ ચૂકવણીનો અભ્યાસ થશે :**

- જીએસટી હેઠળ ડિજિટલ ચુકવણીઓને ઉત્તેજન આપવા સુશીલ મોદીની આગેવાનીવાળી પેનલ કરવેરામાં રાહત આપવાને લગતી આવકના વિગતવાર વિશ્લેષણ કરશે.
- કેશ–લેશ અર્થતંત્ર તરફ આગળ વધી જવા પર આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રયાસોનો પણ અભ્યાસ કરશે.
- વિવિધ રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવતા મુદ્દાને ધ્યાનમાં લેવામાં આવશે તેવો નિર્દેશ કર્યો હતો.

પ્રશ્નો :

૧ મધર્સ ડે ક્યારે ઉજવાય છે ?
– મે મહિનાના બીજા રવિવારે
૨ સાઉથ આફ્રિકાના કયા સ્ટેશનને ખાદીથી શણગારવામાં આવશે ?
– પીટરમેરિટ્ઝ બર્ગ
૩ ભારતના કેન્દ્રિય વિદેશમંત્રીનું નામ જણાવો ?
– સુષમા સ્વરાજ
૪ કોની આગેવાની હેઠળ જીએસટી હેઠળ ડિજિટલ ચુકવણીનો અભ્યાસ થશે ?
– સુશીલ મોદી

## 14.May 2018

**(૧) ૧૫૦૦૦ કરોડના હથિયાર નિર્માણ માટે આર્મીની મંજુરી :**

- ઇન્ડિયન આર્મીએ દેશમાં ૧૫ હજાર કરોડના હથિયાર નિર્માણ માટેની યોજનાને મંજુરી આપી દીધી છે.
- જે આગામી ૧૦ વર્ષમાં પૂર્ણ થશે.
- આ પ્રોજેક્ટમાં રોકેટ લોન્ચર, એર ડિફેન્સ સિસ્ટમ અને લડાઇ માટે ઉપયોગી ગાડીઓનું નિર્માણ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત દેશમા જ આધુનિક ટેકનિક ધરાવતા હથિયારોનું નિર્માણ કરવામાં આવશે.
- સરકારનો હેતુ હથિયારોની આયાતમાં થતાં વિલંબને રોકવાનું છે.
- આ પ્રોજેક્ટમાં ૧૧ ખાનગી કંપનીઓનો પણ સમાવેશ થાય છે. જે હથિયાર સર્જનમાં મદદરૂપ થશે.
- નિયમાનુસાર કોઇપણ યુધ્ધને પહોંચી વળવા માટે ૪૦ દિવસ ચાલે એટલો શસ્ત્ર જથ્થો હોવો જોઇએ જે હાલમાં માત્ર ૧૦ દિવસ ચાલે તેટલો જ છે.

**(૨) મહાકાય એરક્રાફ્ટ કરિયર :**

- ચીને પોતાનું પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કરિયરને સમુદ્રમાં તરતું મુક્યું હતું.
- ગત વર્ષ એપ્રિલમાં જ આ શીપનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- એરક્રાફ્ટ નૌસેનામાં જોડાયા બાદ ચીનના શસ્ત્ર બળમાં વધારો થશે.
- ચીન પાસે આ એરક્રાફ્ટ સિવાય પણ એરક્રાફ્ટ કરિયર લાયોનિંગ છે.
- રશિયાએ બનાવેલ તે એરક્રાફ્ટ કરિયર લાયોનિંગ ચીનને ૨૦૧૨માં મળ્યું હતું.
- ૨૦૧૩માં સ્વદેશ એરક્રાફ્ટ બનાવવાની શરૂઆત કરી હતી.
- નવા તૈયાર કરવામાં આવેલી યુધ્ધ જહાજને કોડનેમ આપવામાં આવ્યું છે જે કોડનેમ ૦૦૧ છે.
- એરક્રાફ્ટ એકથી વધારે વિમાન એક સાથે આવ- જા કરી શકે છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં ૧૫૦૦ કરોડના હથિયાર નિર્માણ માટેની મંજુરી મળી તે કેટલા વર્ષમાં પુર્ણા થશે ?
– ૧૦ વર્ષમાં
૨ તાજેતરમાં કયા દેશે પોતાનું પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કરિયર તરતું મુક્યું ?
– ચીન
૩ ચીને સ્વદેશી એરક્રાફ્ટ ક્યારે લોન્ચ કર્યું હતું ?
– એપ્રિલ–૨૦૧૭
૪ ચીને સ્વદેશી એરક્રાફ્ટ બનાવવાની શરૂઆત ક્યારે કરી હતી ?
– ૨૦૧૩
૫ ચીનનાં સ્વદેશી એરક્રાફ્ટનો કોડનેમ શું છે ?
– ૦૦૧

## 15.May 2018

**(૧) આંતરરાષ્ટ્રીય પરિવાર દિન :**

- આ વર્ષની થીમ : પરિવારો અને સંકલિત સમાજો.

**(૨) ડૉ. સુદર્શન :**

- ટેક્સાસમાં રહેતા ભારતના વિજ્ઞાની સુદર્શનનું ૮૬ વર્ષની વયે અવસાન.
- તેમનો જન્મ ૧૯૩૧ની ૧૬ મી સપ્ટેમ્બરે કેરળના પલમમાં થયો હતો.
- તેમણે થિએરિટીકલ ફિઝિક્સમાં વિદ્વતા હાંસલ કરી હતી.
- ભૌતિક શાસ્ત્રતના વૈશ્વિક જ્ઞાતા ડૉ. સુદર્શન વિવિધ તબક્કામાં ૯ વખત નોબેલ પ્રાઇઝ માટે નોમિનેટ થયા હતા પરંતુ તેમને ક્યારેય નોબેલ પ્રાઇઝ મળી શક્યું ન હતું.

**(૩) ગગન નારંગ – હિના સિંધુ : શૂટીંગ :**

- ભારતીય શૂટર ગગન નારંગ અને હિના સિંધુએ જર્મનીના હેનોવરમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ મેળવ્યા.
- ગગન નારંગ પુરૂષ વિભાગની એર રાઇફલ સ્પર્ધામાં ગોલ્ડમેડલ જીત્યો હતો.
- મહિલા વિભાગમાં હિના સિંધુએ ૧૦ મીટર એર પિસ્ટલમાં શાનદાર પ્રદર્શન કરી ગોલ્ડમેડલ જીત્યો હતો.

પ્રશ્નો :

૧ ૧૫ મે એ કયો દિન ઉજવાઇ છે ?
– આંતરરાષ્ટ્રીય પરિવાર દિન

૨ આંતરરાષ્ટ્રીય પરિવાર દિન–૨૦૧૮ની થીમ જણાવો ?
– પરિવારો અને સંકલિત સમાજો
૩ તાજેતરમાં કયા ભારતીય વિજ્ઞાનીનું અવસાન થયું ?
– ડૉ. સુદર્શન
૪ ડૉ. સુદર્શનનો જન્મ કયાં થયો હતો ?
– કેરળના પલમમાં
૫ આંતરરાષ્ટ્રીય શુટીંગ ચેમ્પિયનશીપ – ૨૦૧૮ નું આયોજન કયાં થયું હતું ?
– જર્મનીના હેનોવરમાં
૬ હિના સિંધુનું કાર્યક્ષેત્ર જણાવો ?
– શુટીંગ
૭ હિના સિંધુએ કેટલા મીટરની એર પિસ્ટલમાં ગોલ્ડમેડલ જીત્યો ?
– ૧૦ મીટર

## 16.May 2018

**(૧) નીક્કી એશિયા એવોર્ડ – ૨૦૧૮**

– સુલભ ઇન્ટરનેશનલ સ્થાપક ડૉ. બિન્દ્રેશ્વર પાઠકને એશિયાના વિકાસમાં તેમના યોગદાન માટે જાપાનમાં નિક્કી એશિયા પુરસ્કાર–૨૦૧૮ એનાયત કરવામાં આવ્યો હતો.
– ડૉ. પાઠકને દેશના બે મોટા પડકારો સ્વચ્છતા અને ભેદભાવનો સામનો કરવા માટે ભારતીય સમાજ સુધારક હેઠળ સન્માન કરવામાં આવ્યું.
– તેઓ આ એવોર્ડથી સન્માનિત થયેલા ત્રણ નોમિની પૈકીના એક હતા.
– ડૉ. પાઠકે ૧૯૭૦માં સુલભ ઇન્ટરનેશનલની સ્થાપના કરી. તે બિન–સરકારી સંસ્થા છે જે માનવ અધિકારો, અન્ય સામાજિક સેવાઓ અને પર્યાવરણીય સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરે છે.

**(૨) મહિલા અધિકારીઓના પર્વતારોહણ અભિયાનને સેનાની મંજુરી :**

– મહિલા અધિકારીઓના પર્વતારોહણ અભિયાનને ભારતીય સેનાએ મંજુરી આપી.
– ભગીરથી – ૨ સાહસની રમતોમાં મહિલા અધિકારીઓની મહત્તમ ક્ષમતા નિર્માણના હેતુથી શરૂઆત કરવામાં આવી છે.
– માઉન્ટ ભગીરથી – ૨ (૬૫૧૨ મીટર ઉંચુ છે.) ગંગોત્રી નેશનલ પાર્કના ગઢવાલ હિમાલયમાં સ્થિત છે.
– તે માત્ર ગગોત્રી ગ્લેશીયર ટોચ ઉપર છે.
– આ ઝુંબેશનો ઉદ્દેશ મહિલાઓને સાહસના ક્ષેત્રમાં પ્રોત્સાહન આપવાનું છે.
– ઝુંબેશની ટીમમાં નવ મહિલા અધિકારીઓનો સમાવેશ છે.
– આ ઉપરાંત વિશ્વ યોગ દિવસ–૨૦૧૮ પ્રસંગે ૨૧૦૦૦ ફૂટ (૬૫૧૨ મીટર) પર યોગ અભ્યાસ કરવા માટે નવો વિશ્વ વિક્રમ ઉભું કરવાનું આયોજન કરવામાં આવશે.

**(૩) દક્ષિણ એશિયા વાઇલ્ડલાઇફ એન્ફોર્સમેન્ટ એવોર્ડ (SAWEN)**

– ૮ થી ૧૦ મે ૨૦૧૮ દરમિયાન SAWEN ની ચોથી બેઠક કોલકત્તા, પશ્ચિમ બંગાળમાં યોજાઇ
– SAWEN આંતર– સરકારી વન્યજીવન કાયદો અમલ એજન્સી છે.
– ભારતે આ સમિટની પ્રથમ વખત યજમાની કરી હતી.
– બે દિવસીય આ પરિષદમાં આઠ સભ્ય દેશોમાંથી સાત સભ્ય દેશોએ ભાગ લીધો હતો. જેમાં પાકિસ્તાન હાજર રહ્યું ન હતું.
– આ પરિષદમાં વન્યજીવનના ગુનાને રોકવા માટે ઘણી દરખાસ્તોને અપનાવી હતી.
– જાન્યુઆરી ૨૦૧૧માં ભૂટાનમાં ગેરકાયદે વન્યજીવનના વેપાર પર સાઉથ એશિયા સ્પેશિયાલિસ્ટ ગ્રુપની બીજી મીટિંગમાં તેને લોન્ચ કરવામાં આવી હતી.
– આ સંસ્થામાં આઠ દક્ષિણ એશિયાના દેશો : અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ભારત, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ, શ્રીલંકા અને માલદિવનો સમાવેશ થાય છે.
– તેનું સચિવાલય કાઠમંડુ નેપાળમાં છે.

**(૪) શશાંક મનોહર :**

– પૂર્વ BCCI અધ્યક્ષ શશાંક મનોહર ફરી એક વખત આઇસીસીના ચેરમેન પદે ચૂંટાઇ આવ્યા.
– ICC ના જણાવ્યા અનુસાર મનોહર આ પદ માટે એકમાત્ર ઉમેદવાર હતા.
– તેઓ ૨૦૧૬માં ICC ના પ્રથમ સ્વતંત્ર ચેરનેન બન્યા હતા.

**(૫) કર્ણાટક વિધાનસભા ચૂંટણી પરિણામ – ૨૦૧૮ :**

– કર્ણાટકમાં ૧૩ મી મેના રોજ યોજાયેલી વિધાનસભાની ૨૨૨ બેઠકોની ચૂંટણીનું પરિણામ જાહેર થયું.
– કર્ણાટક વિધાનસભાની બે બેઠકો પર ચૂંટણી મોકુફ રહી હતી.
– ૨૨૨ બેઠક પૈકી નીચે મુજબના પક્ષને બેઠક મળી.
ભાજપ – ૧૦૪
કોંગ્રેસ – ૭૮
જેડીએસ – ૩૭
બસપા – ૧
અન્ય –૨
– આ પરિણામ મુજબ કોઇપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી નથી. કારણ કે બહુમતી માટે ૧૧૩ બેઠકની જરૂર હોય છે.
– કર્ણાટકના વર્તમાન રાજ્યપાલ : વજુભાઇ વાળા

**(૬) ચીનની સરકારી બેંકે માત્ર ભારત માટે ફંડ લોન્ચ કર્યું :**

– ચીનની સરકારી બેંક પ્રથમ વખત માત્ર ભારત માટે ઇન્વેસ્ટમેન્ટ ફંડ લોન્ચ કર્યું.
– જે માત્ર ભારતમાં રોકાણ કરશે. બેંક મુજબ ચીનના રોકાણકારો માટે ભારતીય બજાર લાભદાયી છે.
– આ ફંડનું નામ ઇન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઇના ક્રેડિટ સુઇસ ઇન્ડિયા માર્કેટ ફંડ છે.

**(૭) સરકાર હસ્તકના ૨૦૦ મંદિરોમાં સોલાર પેનલ નંખાશે :**

– ગુજરાતના પ્રસિધ્ધ મંદિરો હવે સોલાર પેનલથી સજ્જ થશે.

Vivekanand Academy Gandhinagar

- જાણીતા મંદિરોમાં વાર્ષિક ૭૦ હજારથી ૨ લાખ સુધીનું વિજળીબીલ આવતું હોવાથી આ નિર્ણય લેવાયો છે.
- ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી ૫ કરોડના ખર્ચે સરકાર હસ્તકના ૨૦૦ જેટલા મંદિરમા આ સિસ્ટમ લગાવાશે.
- ૧ વર્ષમાં તમામ મંદિરોમાં સોલાર રૂફ ટોપ સિસ્ટમ અમલી થશે.
- રૂપાલમાં ૩ મહિનામાં આ કાર્ય પૂર્ણ કરી દેવાશે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં બિન્દેશ્વર પાઠકને કયો એવોર્ડ એનાયત થયો ?
- નીક્કી એશિયા એવોર્ડ–૨૦૧૮

૨ સુલભ ઇન્ટરનેશનલના સ્થાપક જણાવો ?
- ડૉ. બિન્દેશ્વર પાઠક

૩ ડૉ. બિન્દેશ્વર પાઠકે સુલભ ઇન્ટરનેશનલની સ્થાપના ક્યારે કરી હતી ?
- ૧૯૭૦

૪ માઉન્ટ ભગીરથી –૨ ની ઉંચાઇ જણાવો ?
- ૬૫૧૨ મીટર

૫ માઉન્ટ ભગીરથી–૨ કયા હિમાલયમાં સ્થિત છે ?
- ગઢવાલ હિમાલય

૬ SAWEN નું પુરૂનામ જણાવો ?
- સાઉથ એશિયા વાઇલ્ડલાઇફ એન્ફોર્સમેન્ટ નેટવર્ક

૭ SAWEN ની ચોથી બેઠક તાજેતરમાં કયાં યોજાઇ હતી ?
- કોલકત્તા, પશ્ચિમ બંગાળ

૮ SAWEN માં કેટલા દેશ સમાવિષ્ટ છે ?
- આઠ

૯ SAWEN નું સચિવાલય કયાં આવેલું છે ?
- કાઠમાંડુ, નેપાળ

૧૦ ICC ના નવા ચેરમેનનું નામ જણાવો ?
- શશાંક મનોહર

૧૧ શશાંક મનોહર ICC ના પ્રથમવાર સ્વતંત્ર ચેરમેન ક્યારે બન્યા હતા ?
- ૨૦૧૬

૧૨ કર્ણાટક વિધાનસભાની ચુંટણીમાં ભાજપને કેટલી સીટ મળી હતી ?
- ૧૦૪

૧૩ કર્ણાટકના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો ?
- વજુભાઇ વાળા

૧૪ તાજેતરમાં ચીને ભારત માટે જે ફંડ લોન્ચ કર્યું તેનું નામ જણાવો ?
- ઇન્ડસ્ટ્રીયલ એન્ડ કમર્શિય્લ બેંક ઓફ ચાઇના ક્રેડિટ સુઇસ ઇન્ડિયા માર્કેટ ફંડ

૧૫ રૂપાલના મંદિરના સોલાર પેનલનું કામ કેટલા મહિનામાં પુર્ણ કરી દેવાશે ?
- ૩ મહિનામાં

## 17.May 2018

**(૧) વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે :**
- ૧૭ મે ૧૮૬૫ના રોજ ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયનની સ્થાપના કરવામાં આવી હતી.
- તેની યાદમાં દર વર્ષ ૧૭ મે ના રોજ વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે ની ઉજવણી કરવામાં આવે છે.

**(૨) ભારતીય મૂળના સુશીલા ઓરેગોનમાં ચૂંટાનાર પ્રથમ દક્ષિણ એશિયન મહિલા બન્યા :**
- ભારતીય મૂળના સુશીલાને ઓરેગોનમાં મલ્ટનોમાં કાઉન્ટીના બોર્ડ ઓફ કમિશનમાં સભ્ય તરીકે પસંદ કરાયા છે.
- અમેરિકી રાજ્યમાં આ પદ માટે પસંદગી પામનાર તે પ્રથમ દક્ષિણ એશિયન મહિલા છે.
- સુશીલાએ ૫૭.% મતોથી ૨ સીટ પર વિજય મેળવ્યો હતો.

**(૩) સ્વચ્છતા આંક :**
- એક સ્વતંત્ર એજન્સીના સ્વચ્છતા અંક મુજબ ફરી એક વખત મધ્યપ્રદેશના ઇંદોર અને ભોપાલ અનુક્રમે પ્રથમ અને બીજા ક્રમે છે.
- જ્યારે ચંડીગઢ સિટી ત્રીજા ક્રમ પર છે.
- ત્રણ લાખથી ઓછી વસતિ ધરાવતા શહેર અંતર્ગત દિલ્હી સૌથી સાફ શહેર છે.
- જ્યારે ૧૦ લાખથી વધારે વસતિ ધરાવતા શહેરમાં વિજયાવાડા સૌથી સાફ શહેર રહ્યું હતું.
- ત્યારબાદ ત્રણ લાખથી ૧૦ લાખની વચ્ચે મસૂરીએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.
- તમામ રાજ્યની રાજધાનીમાંથી ગ્રેટર મુંબઇ સૌથી સાફ હોવાનું જણાયું છે.
- ગુજરાતના એકપણ નાના કે મોટા શહેરનું નામ આ કેટેગરીમાં નથી.

પ્રશ્નો :

૧ ૧૭ મે ના રોજ કયો દિવસ ઉજવાય છે ?
- વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે

૨ ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયનની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૭ મે ૧૮૬૫

૩ તાજેતરમાં કઇ ભારતીય મહિલા ઓરેગોનમાં ચુંટાઇ આવ્યા ?
- સુશીલા

૪ સ્વચ્છતા આંક મુજબ ભારતનું સૌથી સાફ શહેર કયું છે ?
- મધ્યપ્રદેશનું ઇંદોર

૫ સ્વચ્છતા આંક મુજબ તમામ રાજ્યની રાજધાનીમાં સૌથી સ્વચ્છ શહેર કયું છે ?
- ગ્રેટર મુંબઇ

## 18.May 2018

**(૧) વિશ્વ સંગ્રહાલય દિવસ :**

**(૨) નિરંજન ભગત – જન્મજયંતિ :**
- ભગત સાહેબના હુલામણા નામથી જાણીતા ગુજરાતી ભાષાના મોટા ગજાના કવિ વિવેચક શ્રી નિરંજન નરહરિલાલ ભગતનો આજે જન્મદિવસ છે.
- તેમના જન્મ ૧૮ મે, ૧૯૨૬ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
- તેમનો જાણીતા કાવ્યસંગ્રહો :

  છંદોલય, કિન્નરી, અલ્પવિરામ, પ્રવાસદ્વીપ
- જાણીતી પંક્તિઓ :

– કાળની કેડીએ ઘડીક સંગ રે ભાઇ આપણો ઘડીક સંગ,
– ચલ મન મુંબઇ નગરી, જોવા પુચ્ચ્રઞ વિણ કંચા જડવું
– હું તો બસ ફરવા આવ્યો છું.
– અનેક સન્માનોથી નવાજેલા આ શ્રેષ્ઠતમ સાહિત્યકાર ભગત સાહેબનું ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ અવસાન થયું.

**(૩) ઇન્ટરસેપ્ટર ચાર્લી– ૧૪૨ શિપે વિદાય લીધી :**

– ગુજરાતના ૧૬૦૦ કિમી લાંબા દરિયાકિનારાની ૧૬ વર્ષ સુધી રક્ષા કરી C–૧૪૨ શીપે વિદાય લીધી.
– ૧૫ જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ સૌપ્રથમ વખત કોસ્ટગાર્ડ દ્વારા સી–૧૪૨ શિપનો કોસ્ટગાર્ડમાં સમાવેશ કરાયો હતો અને પોરબંદરથી શીપને તરતી મુકવામાં આવી હતી.
– ૨૬ મીટર લાંબી અને ૧૩૦ ટન વજન વાળી ડબલ એન્જિન ધરાવતી બોટમાં ૧૪ જવાનોએ ખડેપગે રહી ગુજરાતના દરિયા કિનારાની રક્ષા કરી – શિપની ડિઝાઇન ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવી હતી.

**(૪) બી.એસ.યેદી યુરપ્પા : કર્ણાટક મુખ્યમંત્રી**

– બી.એસ. યેદીયુરપ્પા કર્ણાટકના ૨૩ માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
– ઈશ્વર અને કિશાનના નામે શપથ લઇ કિશાનકાર્ડ ખોલીને તેમણે ખેડુતોની રૂા. ૧ લાખ સુધીની કૃષિલોન માફ કરવાની જાહેરાત કરી હતી.
– તેઓ માત્ર ૧૫ વર્ષની વયે સંઘમાં જોડાયા હતા.
– એક સમયે સમાજ કલ્યાણ વિભાગમાં કલાર્કની નોકરી કરતાં ત્રીજીવાર કર્ણાટકના મુખ્યપ્રધાન બન્યા.

**(૫) મેહુલ જોશી – પર્વતારોહક :**

– ગુજરાતના હિંમતનગરનો મેહુલ જોશી માઉન્ટ એવરેસ્ટ સર કરનારો પેહલો ગુજરાતી બન્યો.
– ૬ એપ્રિલે દેશના ૩૬ લોકોની શરૂ થયેલી માઉન્ટ એવરેસ્ટ સમિટમાના ૧૧ લોકોએ ૧૬ મે એ એવરેસ્ટની ૮૮૪૮ મીટરની ઉંચાઇ સર કરી.
– આ ઉપરાંત મેહુલે રશિયાનું ઇલબ્રુઝ શિખર ૫૬૪૨ મીટર લેહનું સ્ટોક કાંગરી – ૬૧૫૩ મીટર
– ઉત્તરાખંડનું માઉન્ટ થેલુ – ૬૦૦૫ મીટર
– ઉત્તરાખંડનું માઉન્ટ ભગીરથી – ૬૫૧૨ મીટર
– ઉત્તરાખંડનું માઉન્ટ સતોપંથ – ૭૦૭૫ મીટર પણ સર કર્યા છે

પ્રશ્ન :

૧ ૧૮ મે ના રોજ કયો દિવસ ઉજવાય છે ?
– વિશ્વ સંગ્રહાલય દિવસ
૨ નિરંજન ભગત કયા હુલામણા નામથી ઓળખાતા હતા ?
– ભગત સાહેબ
૩ નિરંજન ભગતનો જન્મ કયાં અને કયારે થયો હતો ?
– ૧૮ મે ૧૯૨૬ અદાવાદ
૪ ‘છંદોલય’ અલ્પવિરામ, કૃતિના કર્તા જણાવો ?
– નિરંજન ભગત
૫ તાજેતરમાં ગુજરાતમાં કયું શિપ નિવૃત્ત થયું ?
– ઇન્ટરસેપ્ટર ચાર્લી– ૧૪૨
૬ સી–૧૪૨ શીપ ની ડિઝાઇન કયાં કરવામાં આવી હતી ?
– ઓસ્ટ્રેલિયા
૭ કર્ણાટકના નવા મુખ્યમંત્રીનું નામ જણાવો ?
– બી.એસ. યેદીયુરપ્પા
૮ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ગુજરાતીનું નામ જણાવો ?
– મહેુલ જોષી
૯ ઉત્તરાખંડના માઉન્ટ સંતોપંથની ઉંચાઇ જણાવો?
– ૭૦૭૫ મીટર

## 19.May 2018

**(૧) કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં શ્રીદેવીનું સન્માન :**

– બોલિવુડની દિવંગત અભિનેત્રી શ્રીદેવીને હાલ ચાલી રહેલા ૭૧માં કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં ટાઇટન રેગિનાલ્ડ એફ. લેવિસ ફિલ્મ આઇકન એવોર્ડથી સન્માનીત કરાઇ.
– શ્રીદેવીના પરિવારવતી જાણીતા ફિલ્મકાર સુભાષઘાઇ અને પ્રોડ્યુસર નમ્રતા ગોયલે આ એવોર્ડ સ્વિકાર્યો.
– તાજેતરમાં ૬૫માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં પણ શ્રીદેવીને મોમ ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસના એવોર્ડથી મરણોપરાંત સન્માનીત કરાયા હતા.
– ગત ૨૪ ફેબ્રુઆરીના રોજ દુબઇ ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૨) કિશનગંગા જળવિદ્યુત પાવરસ્ટેશન :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જમ્મુ અને કાશ્મિરની કિશનગંગા જળવિદ્યુત પાવરસ્ટેશન રાષ્ટ્રને સમર્પણ કર્યું.
– ૩૩૦ મેગાવોટની સંસ્થાપીત ક્ષમતા.
– જમ્મુ અને કાશ્મિરના બાંદીપોરા જિલ્લામાં ઝેલમ નદી એક સહાયક નદી, કિશનગંગા નદી પર અવસ્થિત છે.
– જમ્મુ અને કાશ્મિર રાજ્યને ૧૩% મફત વિજળી મળશે.

**(૩) હેમંચ ચૌહાણ – ગાયક :**

– ભજનગાયન ક્ષેત્રે વિશ્વવિખ્યાત બનેલા હેમંતભાઇ ચૌહાણને તાજેતરમાં ૮૦૦૦ થી વધુ ભજન ગાવાની સિધ્ધી અંગે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ – લંડન દ્વારા વિશેષ એવોર્ડ એનાયત થયો.
– આ ઉપરાંત આ સિધ્ધી બદલ તેમને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ – યુએસ દ્વારા પણ સન્માનીત કરાયા હતા.

**(૪) લાલચંદ રાજપુત :**

– ભારતના પૂર્વ કોચ લાલચંદ રાજપુત ઝિમ્બામ્બ્વે ક્રિકેટ ટીમના નવા કોચપદે નિયુક્ત થયા.
– રાજપુત વર્ષ ૨૦૦૭માં ટી–૨૦ વિશ્વકપ જીતનારી ભારતીય ટીમના કોચીંગ સ્ટાફમાં ખેલાડીઓને ટ્રેનિંગ આપતા હતા.
– આ ઉપરાંત તેઓ અફઘાનિસ્તાનની ટીમના કોચ તેમજ આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ ટીમના કોચ પણ રહી ચુક્યા છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કેટલામાં કાન્સ ફિલ્મ ફેસ્ટીવલનું આયોજન થયું હતું ?

Vivekanand Academy Gandhinagar

– ૭૧ મો
૨ તાજેતરમાં કાન્સ ફેસ્ટિવલમાં શ્રી દેવીને કયો એવોર્ડ આપી સન્માનિત કરાયા ?
– ટાઇટન રેગિનાલ્ડ એફ. લેવિસ ફિલ્મ આઇકન એવોર્ડ
૩ શ્રી દેવીને નેશનલ ફિલ્મ એવોર્ડસમાં કઇ ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ એનાયત થયો ?
– મોમ
૪ શ્રીદેવીનું અવસાન કયાં થયું હતું ?
– દુબઇ
૫ તાજેતરમાં નરેન્દ્ર મોદી દ્વારા જમ્મુ અને કાશ્મિરને કયું પાવર સ્ટેશન રાષ્ટ્રને સમર્પણ કર્યું ?
– કિશનગંગા જળવિદ્યુત પાવર સ્ટેશન
૬ કિશનગંગા જળવિદ્યુત પાવર સ્ટેશનની ક્ષમતા કેટલા મેગાવોટની છે ?
– ૩૩૦ મેગાવોટ
૭ કિશનગંગા જળવિદ્યુત પાવરસ્ટેશન કઇ નદી પર સ્થિત છે ?
– ઝેલમ નદી, કિશનગંગા
૮ હેમંત ચૌહાણે કેટલા ભજન ગાઇ સિધ્ધી નોંધાવી ?
– ૮૦૦૦ થી વધુ
૯ હેમંત ચૌહાણનું કાર્યક્ષેત્ર જણાવો ?
– ગાયક
૧૦ તાજેતરમાં કયા ભારતીયને ઝિમ્બાવે ક્રિકેટ ટીમના નવા કોચ તરીકે વરણી કરવામાં આવી ?
– લાલચંદ રાજપુત
૧૧ લાલચંદ રાજપુતે કયાં કયા દેશની ટીમમાં કોચની ભુમિકા નિભાવી ?
– ઝિમ્બામ્વે, અફઘાનિસ્તાન, ભારત

## 20.May 2018

**(૧) સૌથી ઓછો સમય CM રહેનાર યેદિયુરપ્પા : –**

– કર્ણાટકમાં ભાજપના CM બી.એસ. યેદિયુરપ્પા એ સૌથી ઓછા સમયના CM રહેવાનો રેકોર્ડ બનાવનાર જગદંબિકા પાલની બરાબરી કરી.
– કર્ણાટકમાં ભાજપ સરકારને પૂર્ણ બહુમતી મળી ન હતી તેથી સમર્થન પાછું ખેચાતા તેઓ માત્ર ૨ દિવસ મુખ્યમંત્રી પદે રહ્યા હતા.

**(૨) વિશ્વ મધમાખી દિવસ :**

– ૨૦ મે ના રોજ વિશ્વમધમાખી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– પુનામાં આવેલી કેન્દ્રીય મધમાખી સંશોધન અને તાલીમ સંસ્થા ખાદી અને ગ્રામ ઇન્ડસ્ટ્રીઝ કમિશન (કેવીઆઇસી) એ શ્રેષ્ઠ રાષ્ટ્રીય સ્તરની સંસ્થા છે.
– આ સંસ્થાએ મધ મિશન દ્વારા 'સ્વીટ ક્રાંતિ'ને જન્મ આપ્યો છે

**(૩) ઝોજીલા ટનલ : શિલાન્યાસ :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કારગિલ અને લેહને જોડતી ઝોજીલા ટનલનો શિલાન્યાસ કર્યો.
– ૧૪ કિ.મી. લાંબી ઝોજીલા ટનલ ભારતની સૌથી લાંબી સડક ટનલ અને એશિયાની સૌથી લાંબી બાય ડાયરેક્શનલ ટનલ બની રહેશે.

**(૪) ધ ફાઇનાન્શિયલ ટાઇમ્સ રેન્કિંગ :**

– ધ ફાઇનાન્શિયલ ટાઇમ્સે સતત પાંચમાં વર્ષે પોતાના એક્ઝિક્યુટીવ એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત દુનિયાભરની શૈક્ષણિક સંસ્થાઓનું રેન્કિંગ લિસ્ટ જાહેર કર્યું
– આ રેન્કિંગમાં ભારતભરમાં IIM- અમદાવાદ પહેલા ક્રમે છે.
– જ્યારે વર્લ્ડ લેવલે IIM-અમદાવાદનું સ્થાન ગયા વર્ષ કરતાં ૬ નંબર સુધરીને ૫૭માં સ્થાને છે.
– ભારતમાં IIM- અમદાવાદ બાદ IIM- બેંગ્લુરૂ બીજા સ્થાને રહ્યું છે.
– IIM-અમદાવાદ ડાયરેક્ટર – ઇરોલ ડિસુજા

**(૫) નાવીકા સાગર પરીક્રમા :**

– ૪૦ હજાર કિમીની સમુદ્ર સફર ખેડી દરિયાઇ માર્ગ પૃથ્વીની પરિક્રમા કરી નૌકાદળની મહિલા ટીમ સ્વદેશ પરત પહોંચી.
– ૨૦૧૭ની ૧૦ મી સપ્ટેમ્બરે ગોવાથી રવાના થયા પછી આજે ફરી ગોવા આવી પહોંચી હતી.
– આઇએનએસ તારિણી નામની આ બોટમાં માત્ર ૬ મહિલા અધિકારીઓ હતા.
– આ મહિલા ટીમનું નેતૃત્વ ઉત્તરાખડંના લેફટનન્ટ કમાન્ડર વર્તિકા જોશીને સોંપવામાં આવ્યું હતું.
– ભારત વતી કોઇ દરિયાઇ માર્ગે આખા જગતની સફર કરે એટલા માટે નૌકાદળે સાગર પરિક્રમા પ્રોજેક્ટ બનાવ્યો હતો.
– એ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૦૮માં કમાન્ડર દિલિપ દોડેએ એકલા દરિયાઇ માર્ગે આખા જગતની સફર કરી હતી.

**(૬) વિશ્વ મધમાખી દિવસ**

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયા CM એ સૌથી ઓછો સમય CM રહેવાનો રેકોર્ડની બરાબરી કરી ?
– યેદિયુરપ્પા
૨ યેદિયુરપ્પા કેટલા દિવસ CM પદ રહ રહ્યા હતા ?
– ૨ દિવસ
૩ ૨૦ મેના રોજ કયો દિવસ ઉજવાય છે ?
– વિશ્વ મધમાખી દિવસ
૪ કેન્દ્રીય મધમાખી સંશોધન અને તાલીમ સંસ્થા કયાં આવેલ છે ?
– પુના
૫ કેવીઆઇસી સંસ્થાએ મધમિશન દ્વારા કઇ ક્રાંતિને જન્મ આપ્યો છે ?
– સ્વીટક્રાંતિ
૬ નરેન્દ્ર મોદીએ કારગિલ અને લેહને જોડતી કઇ ટનલનો શિલાન્યાસ કર્યો ?
– ઝોજીલા ટનલ
૭ ઝોજીલા ટનલની લંબાઇ જણાવો ?
– ૧૪ કિમી
૮ ધ ફાઇનાન્સિયલ ટાઇમ્સ રેન્કિંગ પ્રમાણે ભારતભરમાં કઇ સંસ્થા પ્રથમ ક્રમે છે ?
– IIM – અમદાવાદ

૯ IIM– અમદાવાદ ના વર્તમાન ડાયરેક્ટરનું નામ જણાવો ?
– ઇરોલ ડિસુજા
૧૦ નાવિકા સાગર પરિક્રમામાં મહિલા ટીમે કેટલા કિમી સમુદ્રી સફર ખેડી હતી ?
– ૪૦ હજાર કિ.મી.
૧૧ નાવિકા સાગર પરિક્રમામાં નેતૃત્વ કઇ મહિલાએ કર્યું હતું ?
– લેફ્ટનન્ટ કમાન્ડર વર્તિકા જોશી

## 21.May 2018

**(૧) બાલક્રિષ્ન દોશી :**
– સુપ્રસિધ્ધ આર્કિટેક્ચર પ્રોફેસર બાલક્રિષ્ન દોશીને આર્કિટેક્ચર ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન પ્રિટઝકર પ્રાઇઝ એનાયત થશે.
– નોબેલ ઓફ આર્કિટેક્ચર ગણાતું આ પ્રાઇઝ ટોરેન્ટો ખાતે યોજાયેલા સમારંભમાં એનાયત થયું હતું.
– બાલક્રિષ્ન દોશીનો જન્મ પુનામા થયો હતો તથા તેઓ અમદાવાદમાં રહે છે.
– આ પ્રાઇઝ મેળવનાર દોશી પ્રથમ ભારતીય છે.
– ફ્રાન્સના લે કોર્બ્યુઝિયેરને તેઓ પોતાના ગુરૂ માને છે.

**(૨) કામી રીતા શેરપા :**
– એવરેસ્ટ ગાઇડ કામી રીતા શેરપા ૨૪ વર્ષમાં ૨૨ વખત એવરેસ્ટ સર કરી વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
– કામી પહેલા માત્ર અપ્પા શેરપા અને કૂર્બા તાશી ૨૧–૨૧ વખત એવરેસ્ટ ચઢયા છે.

**(૨) સૌર ઉર્જાથી સંચાલિત થતું દેશનું પ્રથમ રેલવે સ્ટેશન ગુવાહાટી :**
– આસામનું ગુવાહાટી સ્ટેશન સોલર ઉર્જાથી સંચાલિત થતું દેશનું પ્રથમ સ્ટેશન બની ગયું છે.
– ગુવાહાટી રેલવે સ્ટેશનની છત પર સોલર પેનલ લગાવાઇ છે.
– ૭૦૦ કિલોવોટના પ્લાન્ટથી સ્ટેશન, કોચ ડેપો અને રેલવે કોલોનીને વીજળી મળશે.
– તેનાથી વાર્ષિક ૬૭.૭ લાખ રૂપિયા બચશે. પ્રોજેક્ટ પર ૬ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.
– દેશમાં વીજળી અને ડીઝલનો રેલવે સૌથી મોટો ગ્રાહક છે. તેના પર વાર્ષિક ૩૧ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરે છે. રેલવેએ ૨૦૨૫ સુધી તેની કુલ વીજ જરૂરિયાતોનું ૨૫% ગ્રીન ઉર્જાથી પુરી કરવાનું નક્કી કર્યું છે. તેનાથી રેલવેના વાર્ષિક ૮ હજાર કરોડ રૂપિયા બચશે.
– ગત વર્ષે જુલાઇમાં રેલવેએ ટ્રેનના કોચની છત પર સોલર પેનલ લગાવી હતી. તેનાથી કોચની લાઇટ, પંખા અને ડિસ્પ્લે ચાલે છે.
– દિલ્હી – યુપી અને દિલ્હી – હરિયાણા રૂટની ૩૫ ટ્રેન પર પેનલ લગાવાઇ છે.

**(3) AI ની મદદથી ભવિષ્યના યુદ્ધની તૈયારી :–**
– સેનામાં આર્ટિફિશિય લઇન્ટેલિજન્સ (એઆઇ) ના ઉપયોગથી ભવિષ્યના યુદ્ધની તૈયાર શરૂ કરી દેવાઇ છે.
– તેનો ઉદ્દેશ્ય સેનાને માનવરહિત ટેન્ક, યુદ્ધજહાજ, ફાઇટર જેટ અને રોબોટિક હથિયાર ઉપલબ્ધ કરાવવાનો છે.
– સરકારે ત્રણે સેનાઓમાં એઆઇની શરૂઆત કરવાનો નિર્ણય કર્યો છે.
– આ આગામી પેઢીના યુદ્ધ માટે ભારતની તૈયારી છે. જે વધુમાં વધુ ટેકનોલોજી આધારિત, સ્વયંસંચાલીત અને રોબોટીક પ્રણાલી પણ આધારિત હશે.
– માનવરહિત ફાઇટર વિમાન, માનવરહિત યુદ્ધજહાજ અને માનવરહિત ટેન્ક અને હથિયાર પ્રણાલી તરીકે સ્વયંસંચાલિત રોબોટીક રાઇફલનો ભવિષ્યના યુદ્ધમાં વ્યાપક ઉપયોગ થશે.
– દુનિયાના મુખ્ય દેશ સંરક્ષણ દળ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગની શક્યતાઓ શોધવાની રણનીતિઓ પર કામ કરી રહ્યાં છે.
– અમેરીકા, બ્રિટન, ફ્રાન્સ અને યુરોપિયન યુનિયન પણ એઆઇમાં રોકાણ કરી રહ્યું છે. ચીને એઆઇની રિસર્ચ માં અબજો ડોલરનું રોકાણ કર્યું.

**(૪) ટ્રેનોમાં હવે ગાંધી જયંતીએ માંસાહારી ભોજન નહીં મળે :**
– ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિની વિશેષ ઉજવણી કરવાનું કેન્દ્ર સરકારનું આયોજન હોવાના કારણે રેલવે મંત્રાલયે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦માં ગાંધી જયંતિના દિવસે (બીજી ઓક્ટોબર) રેલવેમાં નોન–વેજ ફૂડ નહીં આપવાનો કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલ્યો છે, જે સ્વીકારાશે તો હવે ગાંધી જયંતીને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ ઉપરાંત 'વેજિટેરિયન ડે' તરીકે પણ મનાવાશે.
– રેલવેએ આ પ્રસ્તાવ રાષ્ટ્રપતિ પ્રત્યે સન્માન દાખવવા મોકલ્યો છે, કેમ કે ગાંધીજી શાકાહારના પ્રબળ સમર્થક હતા.
– કેન્દ્ર સરકારે ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિને ખાસ બનાવવા એક સમિતિની પણ રચના કરી છે.
– ગાંધીજીના જીવન સાથે જોડાયેલા ખાસ સ્થળોએથી કેટલીક ટ્રેનો દોડાવવાની પણ રેલવેની યોજના છે.
– ૧૨ માર્ચે ગાંધીજીની ઐતિહાસીક દાંડી કૂચના પ્રતીક તરીકે સાબરમતીથી 'સ્પેશિયલ સોલ્ટ રેક' ચલાવવાનું પણ રેલવેનું આયોજન છે.

**(૫) ભારત વિએટનામ સાથે આગામી સપ્તાહે સમુદ્રી કવાયત કરશે**
– આ કવાયતનો હેતુ ચીનની વધી રહેલી સેના પ્રવૃત્તિઓને લક્ષમાં રાખી એશિયા પેસિફીક ક્ષેત્રના દેશ સાથે સ્થિર સેના સંબંધો વિકસાવવાનો છે.
– આવતા મહિને રક્ષા મંત્રી નિર્મલા સીતારામન હેનોઇની મુલાકાત લેશે. કવાયત બાદ આઇએનએસ સહ્યાદ્રી, મિસાઇલ કોર્વેટ આઇએનએસ કામોર્તા અને ફૂલીટ ટેંકર આઇએનએસ શક્તિ ટીએન સા પોર્ટ (દાનાંગ) પહોંચશે.
– મેની ૨૧ થી ૨૫ સુધી બંને દેશોના નેવીના અધિકારીઓ વચ્ચે બેઠકો યોજાશે.
– ચર્ચા વિચારણ પૂરી થયા બાદ બંને દેશોની નેવીના જહાજની કવાયત થશે.
– આ વર્ષે વિયેટનામની નેવીના કમાન્ડર ભારતની મુલાકાત લેશે.
– ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હેનોઇની મુલાકાત લીધી હતી.

Vivekanand Academy Gandhinagar

- ભારતે વિએટનામ મને બ્રહ્મોસ મિસાઇલ અને આકાશ મિસાઇલની ઓફર કરી હતી.
- ભારત વિએટેનામના પાઇલેટને મુખોઇ–૩૦ ફાઇટર જેટની તાલીમ આપશે.
- હાલમાં ભારત છેલ્લા ચાર વર્ષથી કિલો ક્લામ સબમરિનની તાલીમ આપે છે.

પ્રશ્નો :

૧ સૌર ઉર્જાથી સંચાલિત દેશનું પ્રથમ રેલવે સ્ટેશન જણાવો ?

- ગુવાહાટી, આસામ

૨ મહાત્મા ગાંધીની ૨૦૧૯માં કેટલામી જન્મજયંતિ ઉજવાશે ?

- ૧૫૦ મી

૩ તાજેતરમાં ભારત કયા દેશ સાથે સમુદ્રી કવાયત કરશે ?

- વિએટનામ

૪ તાજેતરમાં બાલક્રિષ્ન દોશીને કયો એવોર્ડ એનાયત થયો ?

- પ્રિત્ઝકર પ્રાઇઝ

૫ પ્રિત્ઝકર એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીયનું નામ જણાવો ?

- બાલકૃષ્ણ દોશી

૬ બાલકૃષ્ણ દોશી પોતાના ગુરૂ કોને માને છે ?

- ફ્રાન્સના લે કોબ્રયુઝિયર

૭ કામી રીતા શેરપોએ ૨૪ વર્ષમાં કેટલી વખત એવરેસ્ટ સર કરી વિશ્વ રેકોર્ડ બનાવ્યો ?

- ૨૨ વખત

## 22.May 2018

**(૧) બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ :**

- ઓરિસ્સાના તટીય ક્ષેત્રથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- DRDO અને રશિયાના વૈજ્ઞાનિકના સંયુક્ત પ્રયાસથી નિર્મિત જમીનથી જમીન પર મારક ક્ષમતા ધરાવનાર ક્રુઝ મિસાઇલ બ્રહ્મોસનું સફળ પરીક્ષણ કરાયું.
- આ પહેલાં માર્ચમાં રાજસ્થાનના પોખરણથી સુપરસોનિક ક્રુઝ મિસાઇનલું ટેસ્ટિંગ કરાયું હતું.
- બ્રહ્મોસનું પ્રથમ પરીક્ષણ ૧૨ જૂન–૨૦૦૧નાં રોજ ચાંદીપુરમાં કરાયું હતું.
- બ્રહ્મોસ મિસાઇલએ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કો નદીના નામોના સમન્વયથી બનેલી અને ભારતીય DRDO તેમજ રશિયન NPOM એવી બે સંસ્થાઓની સંયુક્ત કંપની દ્વારા વિકસાવેલી મિસાઇલ છે.
- જૂન ૨૦૦૭ થી લશ્કરમાં સામેલ ભારતીય નૌકાદળ ૨૦૧૩ થી આ મિસાઇલ ધરાવે છે.
- જૂન –૨૦૧૬ હવાઇદળના સુખોઇ–૩૦ વિમાનોમાં ગોઠવવાની વ્યવસ્થા થયેલી છે.

**બ્રહ્મોસની ખાસિયત**

- વિશ્વની સૌથી ઝડપી એવી આ મિસાઇલ ૮.૪ મીટર લાંબી તથા ૦.૬ મીટર પહોળી છે. ૩ હજાર કિલોગ્રામ વજન ધરાવતી આ ક્રુઝ મિસાઇલ ૩૦૦ કિગ્રા સુધીનો વિસ્ફોટક લઇ જવા સક્ષમ છે.
- ૩૫૦ કિલોમીટર સુધીને રેન્જ ધરાવે છે. આ સુપર સોનિક ક્રુઝ મિસાઇલ અવાજની ગતિથિ ૨.૮ ગણી તેંજ જવાની ક્ષમતા રાખે છે.
- આ મિસાઇલને પાણીના જહાજ, હવાઇ જહાજ, જમીન તેમજ મોબાઇલ લોન્ચરથી છોડી શકાય છે.
- આ મિસાઇલને કોઇપણ દિશામાં લક્ષ્ય તરફ, કોઇપણ રીતે છોડી શકાય છે.
- બ્રહ્મોસની એક સુપરસોનિક મિસાઈલ છે. જે ગીચ આબાદીવાળા શહેરમાં પણ નાના લક્ષ્યોને સટીક્તાથી ભેદી શકે છે.
- બ્રહ્મોસ મિસાઇલમાં ઠોસ પ્રોપલેટ બુસ્ટર તથા એક તરલ પ્રોપલેટ રેમ જેમ સિસ્ટમ લગાવવામાં આવી છે.

**(૨) નિપાહ વાયરસ :**

- નિપાહ વાયરસના (જેને નિપા તરીકે પણ ઓળખવામાં આવે છે.) કારણે કેરળમાં અત્યાર સુધી ૯ લોકોનાં મૃત્યુ થઇ ચૂક્યાં છે અને કોઝિકોમાં ઇન્વેક્શનનાં લક્ષણો ધરાવતા અન્ય ૨૫ જેટલા દર્દીઓ દાખલ છે.
- ટૂંકા ગાળામાં ફાટી નીકળે એવા ટોચના ૧૦ રોગોની યાદી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા જાહેર કરાઇ હતી, આ યાદીમાં નિપાહ વાયરસ પ્રથમ ક્રમે હતો.
- વાયરસનું નામ પણ સુગઇ નિપાહ ગામનાં નામ પરથી રાખવામાં આવ્યું છે.
- માણસ અને પ્રાણીઓ બન્ને માટે આ વાયરસ જીવલેણ છે. આ વાયરસનું ઇન્ફેક્શન ધરાવતા પ્રાણીઓ સાથે સંપર્કમાં આવવાથી તે માણસોમાં પ્રસરે છે.
- આ વાયરસની રસી પ્રાણીઓ કે માણસો માટે હજુ સુધી ઉપલબ્ધ નથી.
- ચામાચીડિયાઓની ટેરોપોડિડાએ પ્રજાતિ આ વાયરસનો મૂળ સ્રોત હોવાનું જાણવા મળી રહ્યું છે.
- ૧૯૯૯માં મલેશિયા અને સિંગાપોરના કેટલાક વિસ્તારોમાં ડુક્કરના સંપર્કમાં આવવાથી ડુક્કરપાલકોમાં એન્કેફલાઇટિસ (મગજનો સોજો) અને રસ્પિરેટરિ (શ્વાસની બિમારી) ની ફરીયાદો આવી હતી, ત્યારે પહેલી વખત આ વિશે ખબર પડી હતી.

**(3) રાજનાથસિંહે નક્સલ વિરોધી 'બસ્તરિયા' બટાલિયન લૉન્ચ કરી.**

- નક્સલ પ્રભાવિત છત્તીસગઢ માટે ખાસ બસ્તરિયા બટાલિયન લૉન્ચ કરવામાં આવી.
- સીઆરપીએફ હેઠળ તૈયાર કરાયેલી બટાલિયનનું કામ ફક્ત નક્સલ વિરોધી ઓપરેશન હશે.
- ૫૩૪ જેટલા આદિવાસી યુવકોને તાલમી આપીને આ બટાલિયન તૈયાર કરવામાં આવી છે.
- નક્સલો સાથે બાથ ભીડવા અને રોજગારીના હેતુથી સ્થાનિક આદિવાસી યુવકોની મદદથી જ આ બટાલિયન તૈયાર કરી છે.
- આ બટાલિયનને નક્સલ પ્રભાવિત સુકમા, દાંતેવાડા અને બિજાપુર જેવા વિસ્તારોમાં તૈનાત કરવામાં આવશે.

Vivekanand Academy Gandhinagar

પ્રશ્નો :

૧ તાજેતરમાં બ્રહ્મોસ ક્રુઝ મિસાઇલનું સફળ પરીક્ષણ ક્યાંથી કરવામાં આવ્યું ?

– ઓરિસ્સાના તટિય ક્ષેત્રથી

૨ બ્રહ્મોસનું પ્રથમ પરીક્ષણ ક્યારે અને ક્યાંથી કરાયું હતું ?

– ૧૨ જુન ૨૦૦૧, ચાંદીપુર

૩ WHO દ્વારા ૧૦ રોગોની યાદીમાં પ્રથમ ક્રમે કયો રોગ હતો ?

– નિપાહ વાયરસ

૪ નિપાહ વાયરસ બીજા કયાં નામે ઓળખવામાં આવે છે ?

– નિપા

૫ નિપાહ વાયરસ પ્રથમવાર ક્યારે દેખાયો હતો ?

– ૧૯૯૯

૬ રાજનાથસિંહે છત્તિસગઢમાં નક્સલ વિરોધી કઇ બટાલિયન લોન્ચ કરી ?

– બસ્તરિયા

## 23.May 2018

**(૧) માય એમ.પી. રોજગાર પોર્ટલ :**

– મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ભોપાલમાં ‘માય એમ પી રોજગાર પોર્ટલ’ લોન્ચ કર્યુ.

– મધ્યપ્રદેશના કૌશલ્ય વિકાસ અને રોજગાર નિર્માણ બોર્ડ દ્વારા યુથ સશક્તિધરણ મિશન હેઠળ આ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું.

– જેમા બેરોજગાર યુવાનો કંપનીઓમાં નોકરી માટે ઓનલાઇન અરજી કરી શકશે.

**(૨) મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી :**

– પાંચમી મહિલા હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની ટીમ રનર્સઅપ રહી.

– ગત વર્ષે ભારત ચેમ્પિયન રહ્યું હતું.

– આ વર્ષે સાઉથ કોરિયાએ ભારતને ૧–૦ થી પરાજય આપી ચેમ્પિયન બન્યું હતું.

**(૩) ગુરસોચ કૌર :**

– ન્યૂયોર્ક પોલીસ વિભાગમાં ગુરસોચ કૌર પ્રથમ શીખ પાઘડીધારી મહિલા બની.

– શીખ ધર્મને સમજવામાં મદદરૂપ થવા અને સ્ત્રીઓને પણ પોલીસ વિભાગમાં ભરતી થવા માટે પ્રોત્સાહન આપવા આ ભરતી કરવામાં આવી છે.

– ગુરસોચ કૌર ગયા સપ્તાહમાં ન્યૂયોર્ક સિટી પોલીસ એકેડેમી ખાતેથી સ્નાતક થયા છે.

પ્રશ્નો :

(૧) મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહે કયું પોર્ટલ લોન્ચ કર્યું ?

– માયા એમપી રોજગાર પોર્ટલ

૨ તાજેતરમાં કેટલામી મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી નું આયોજન થયું હતું ?

– પાંચમી

૩ મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી–હોકી –૨૦૧૮ કઈ ટીમ વિજેતા બની ?

– સાઉથ કોરીયા

૪ મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી– હોકીમાં ૨૦૧૭માં કઇ ટીમ વિજેતા બની ?

– ભારત

૫ ન્યુયોર્ક પોલિસ વિભાગમાં પ્રથમ શીખ પાઘડીધારી મહિલાનું નામ જણાવો ?

– ગુરસોચ કૌર

૬ ગુરસોચ કૌર કઇ એકેડમી ખાતેથી સ્નાતક થયા ?

– ન્યુયોર્ક સિટી પોલિસ એકેડમી

## 24.May 2018

**(૧) વિનોદ ભટ્ટ :**

– ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના હાસ્યલેખક વિનોદ ભટ્ટનું ૨૩ મે–૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે અવસાન.

– તેમનો જન્મ ૧૪ જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ અમદાવાદના નાંદોદ ખાતે થયો હતો.

– પિતાનું નામ : જશવંતલાલ ભટ્ટ

– તેમણે ૧૯૫૫ માં એસ.એસ.સી. ઉતિર્ણ કર્યું અને ૧૯૬૧માં અમદાવાદની એચ.એલ.કોમર્સ કોલેજમાંથી સ્નાતક થયા.

– ત્યારબાદ તેમણે એલ.એલ. બી. ની પદવી મેળવી હતી.

– તેઓ વ્યવસાયે વેરા સલાહકાર હતા.

– વર્ષ ૧૯૯૬ થી ૧૯૯૭ દમિયાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે રહ્યા હતા.

– તેમનું ‘વિનોદ વિમર્શ’ પુસ્તક ગુજરાતી ભાષાનું હાસ્યનું સર્વપ્રથમ ગંભીર પુસ્તક છે.

– ‘અમદાવાદ એટલે અમદાવાદ’ તેમના દ્વારા લિખિત નગરજીવનનું વ્યંગચીત્ર છે. તથા નજર “નજર જો ફેર” તેમની સિંધી ભાષામાં લખાયેલ કૃતિ છે, આ ઉપરાંત ‘બૈતાલ પચ્ચીસી’, ‘ભૂલ–ચૂક લેની દેની’ ‘ચાર્લી ચપ્લીન’ ‘સુના અસુના’, દેખ કબીરા રોયા, વગેરે તેમની હિન્દી ભાષામાં રચીત કૃતિઓ છે.

– આ ઉપરાંત તેમણે નર્મદ, કમા મુનશી, જ્યોતિન્દ્ર દવે, બર્નાડ શો તથા એન્તોવ ચેખોવના ચરિત્ર પુસ્તકો અને સંપાદન પુસ્તકો આપ્યા છે.

**તેમની પ્રખ્યાત રચનાઓ :**

હાસ્યમાધુરી (ભાગ ૧ થી ૫), પહેલું સુખ તે મુંગી નાર, સારા જહાં હમારા, હાસ્યાયન, પ્રસન્ન ગઠરીયા

– સાહિત્યક્ષેત્રે તેમને મળેલા પુરસ્કાર :

– કુમાર ચંદ્રક

– જ્યોતિન્દ્ર દવે હાસ્ય પુરસ્કાર

– રણજીતરામ સુવર્ણચંદ્રક

– રમણભાઇ નિલકંઠ પુરસ્કાર

**(૨) વર્લ્ડ ફેમસ ૧૦૦ એથ્લીટ્સ – ઇએસપીએન :**

– તાજેતરમાં ઇએસપીએને ફેમ–૧૦૦ એથ્લીટ નામથી એક યાદી બહાર પાડી હતી. ઇએસપીએને આ યાદી ત્રણ આધારે તૈયાર કરી છે. : એન્ડોર્સ મેન્ટ, ગૂગલ ટ્રેન્ડસ્કોર અને સોશિયલ મીડિયા પર ફોલોઇંગ

– જે યાદીમાં દુનિયાના ૧૦૦ ફેમસ ખેલાડીમાં ૧૧ ખેલાડી ભારતના છે.

– યાદીમાં પોર્ટુગલનો ક્રિસ્ટ્રિયાનો રોનાલ્ડો સતત બીજા વર્ષે આ યાદીમાં ટોપ પર છે.

Vivekanand Academy Gandhinagar

- ક્રિકેટર વિરાટ કોહલી ૧૧ મા ક્રમે છે. જે કોઇ ભારતીય ખેલાડીનું સૌથી ઉંચુ રેન્કિંગ છે. તેનો ગુગલ ટ્રેન્ડ સ્કોર ૮૮, સોશિયલ મીડિયા પર ફેન ફોલોઇંગ ૩.૬૯ કરોડ અને ૨૦૧૭–૧૮માં એન્ડોર્સમેન્ટ ૧૭.૪ મિલિયન ડોલરનું રહ્યું છે.
- ગયા વર્ષની યાદીમાં માત્ર ચાર ભારતીય કોહલી, ધોની, યુવરાજ અને રૈનાને સ્થાન મળ્યું હતું.
- આ વખતે આ ચાર ઉપરાંત રોહિત શર્મા, અશ્વિન, હરભજન, ગૌતમ ગંભીર શિખર ધવન, સાઇના નેહવાલ અને સાનિયા મિર્ઝા નો પણ સમાવેશ થયો છે.

ફેમ ૧૦૦ ના ટોપ–૫ ખેલાડી

| ક્રમ | ખેલાડી | દેશ |
|---|---|---|
| ૧ | રોનાલ્ડો | પોર્ટુગલ |
| ૨ | લેબ્રન જેમ્સ | અમેરિકા |
| ૩ | મેસ્સી | આર્જેન્ટિના |
| ૪ | નેમાર | બ્રાઝિલ |
| ૫ | ફેડરર | સ્વિટ્ઝરલેન્ડ |

**(૩) કર્ણાટકના નવા મુખ્યપ્રધાન એચ.ડી. કુમારસ્વામી :**

- કર્ણાટકના મુખ્યપ્રધાન તરીકે એચ.ડી.કુમારસ્વામીએ બેંગલુરૂ ખાતે પદ અને ગુપ્તતાના શપથ લીધા હતાં. રાજ્યપાલ વજુભાઇ વાળા કોંગ્રેસના જી. પરમેશ્વરને પણ ઉપપ્રમુખ તરીકેના શપથ લેવડાવ્યા હતા.
- પંચાવન કલાકની યેદીપુરપ્પા સરકારનાં પતન પછી રાજ્યપાલે જેડીએસ – કોંગ્રેસ ગઠબંધનને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું હતું.
- કોંગ્રેસના નેતા રમેશકુમાર આગામી સ્પીકર બનશે.

**કુમારસ્વામીની રાજનીતિક સફર**

- કુમાર સ્વામીએ વર્ષ ૧૯૯૬માં રાજનીતિમાં પગલાં માંડ્યાં તેઓ સૌપ્રથમવાર ૧૧ મી લોકસભા ચૂંટણીમાં કનકપુરાથી ચૂંટાઇને લોકસભામાં આવ્યા હતા. અત્યારસુધી તેઓ નવ વખત ચૂંટણી લડી ચૂક્યા છે જેમાંથી છ વાર જીત્યા છે. આ વિધાનસભા ચૂંટણીમાં તેમણે રમનગરમ વિધાનસભા બેઠક જીતી છે. રાજનીતિમાં આવ્યા પહેલા કુમારસ્વામી ફિલ્મ નિર્માતા અને ફિલ્મ વિતરક હતા.

**(૪) અબ્રાહમ બેંજામિન ડી વિલિયર્સે :**

- સાઉથ આફ્રિકા દિગ્ગજ બેટ્સમેન અબ્રાહમ બેંજામિન ડી વિલિયર્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી સંન્યાસ લીધો હતો.
- દ. આફ્રિકાના ડી વિલિયર્સે ૨૦૦૪માં આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી.
- સાઉથ આફ્રિકાના સુકાની રહી ચૂકેલા ડી વિલિયર્સે પોતાના દેશ માટે ૧૧૪ ટેસ્ટ મેચોની ૯૧ ઇનિંગ્સમાં ૫૦.૬૬ સરેરાશથી ૮૭૬૫ રન ફટકાર્યા છે. જેમાં ૨૨ સદી અને ૪૬ ફિફ્ટીનો સમાવેશ થાય છે. ટેસ્ટમાં તેમનો હાઇસ્કોર ૨૭૮ છે.
- તેમજ તેમણે ૨૨૮ વન ડે મેચ રમી છે, જેમાં ૫૩.૫૦ ની સરેરાશથી ૯,૫૫૭ રન ફટકાર્યા છે. વનડે માં તેમના નામે ૨૫ સદી અને ૫૩ ફિફ્ટી નોંધાયેલી છે. વન–ડેમાં તેમનો ટોપ સ્કોર ૧૭૬ રનનો છે.
- તેઓ સાઉથ આફ્રિકાની રાષ્ટ્રીય જુનિયર હોકી ટીમમાં પણ પસંદગી પામી ચૂક્યા છે. પરંતુ ત્યારબાદ માત્ર તેઓ ક્રિકેટ જ રમ્યા હતા.
- ડી વિલિયર્સ વન ડે મેચોમાં સૌથી ઝડપી ફિફ્ટી ફટકારનાર ક્રીકેટર છે. તેમણે ૨૦૧૫માં વેસ્ટ ઇન્ડિઝ સામે જહોનિસબર્ગા વનડેમાં માત્ર ૧૬ બોલ માં આ કારનામો કર્યો હતો. આ મેચમાં તેમણે સદી ફટકારી હતી, તે પણ માત્ર ૩૧ બોલમાં જ.
- આ રીતે તેઓ ઝડપી સદી ફટકારનારા ક્રિકેટર પણ બન્યા. આ જ મેચમાં ડી વિલિયર્સે વનડેની એક ઇનિંગ્સમાં સૌથી વધારે ૧૬ સિક્સ ફટકારવાના રોહિત શર્માના રેકોર્ડની બરાબરી કરી હતી.
- ડી વિલિયર્સે ઇન્ડિયન પ્રીમિયર લીગની ૧૧ મી સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સાથે લીગમાં ભાગ લીધો હતો. ૧૯ મેના રોજ અંતિમ મેચ રમી હતી.

**(૫) રાજ્યમાં ૧૦૮ ની મોબાઇલ એપ લોન્ચ કરાઇ**

- ૧૦૮ ઇમરજન્સી સેવાને વધુ ઝડપી બનાવવા માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ એપ લોન્ચ કરી હતી.
- એમાં કુલ ૫ પ્રકારના ફંક્શન મુકવામાં આવ્યા છે.
- જેમાં જાહેર જનતા, હોસ્પિટલ માટે ૧૦૮ની ટીમ માટે ફંક્શન મુકવામાં આવ્યા છે.
- એપની મદદ થી ૧૦૮ને દર્દીનું સ્થળ સરળતાથી મળી જાય છે.
- દર્દીને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઇ જવાની જાહેરાત કરી હતી.
- ૧૦૮ ભારતમાં તાત્કાલિક સેવા માટે એક મફત ટેલિફોન નંબર છે.
- હાલમાં તે ૨૧ રાજ્ય (આંધ્ર પ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશ) અને બે કેન્દ્રશાસિત પ્રદેશો (દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ) માં કાર્યરત છે.
- આ (૧૦૮) સિસ્ટમ ભારતની કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવી હતી.
- અને સિસ્ટમ સત્યમ ઇન્ફોટેક દ્વારા ડિઝાઇન કરવામાં આવી હતી.

પ્રશ્નો :

૧ વર્લ્ડ ફેમસ ૧૦૦ એથ્લીટમાં ભારતના કેટલા ખેલાડી સમાવિષ્ટ છે ?
- ૧૧ ખેલાડી

૨ વર્લ્ડ ફેમસ ૧૦૦ એથ્લીટમાં પ્રથમ ભારતીય કોણ છે ?
- વિરાટ કોહલી

૩ ફેમસ–૧૦૦ ખેલાડીમાં પ્રથમ ક્રમે કયો ખેલાડી છે ?
- રોનાલ્ડો

૪ તાજેતરમાં ગુજરાતમાં ૧૦૮ એપ કોણે લોન્ચ કરી ?
- શ્રી વિજયભાઇ રૂપાણી

૫ ૧૦૮ મોબાઇલ એપ કેટલા રાજ્યમાં કાર્યરત છે ?
- ૨૧ રાજ્યમાં

૬ તાજેતરમાં કયા સાઉથ આફ્રિકન ક્રિકેટરે નિવૃત્તી લીધી ?
- એબીડી વિલિયર્સ

૭ કર્ણાટકના નવા મુખ્યપ્રધાનનું નામ જણાવો ?
- એચ.ડી. કુમારસ્વામી

૮ તાજેતરમાં ક્યા ગુજરાતી હાસ્યલેખકનું અવસાન થયું ?
– વિનોદ ભટ્ટ
૯ 'નજ નજર જો ફેર' વિનોદ ભટ્ટની કૃતિ કઇ ભાષામાં લખાયેલ છે ?
– સિંધી ભાષા

## 25.May 2018

**(૧) મેકુનું વાવાઝોડું :**

– યમનની ખાડીમાં ઉદભવેલા મેકુનું વાવાઝોડાને લીધે હવામાન વિભાગે ભારતના પશ્ચિમ કાંઠાને રેડ એલર્ટ જાહેર કર્યું.
– દ્વારકાની એક બોટ યમનની ખાડીમાં આ વાવાઝોડાને લીધે ડુબી ગઇ છે.
– પોરબંદરમાં વાવાઝોડાની ચેતવણીથી હજારો બોટ પરત આવતા ૧૨૦૦ બોટની ક્ષમતાના પાર્કીંગમાં ૫૦૦૦ બોટ લાંગરવી પડી.
– સ્કોર્ટા ટાપુ પર ત્રાટકેલા આ વાવાઝોડાને લીધે ૧૭ લોકો ગુમ થયા છે.

**(૨) ભારત વિશ્વનું ૪૪ મું સ્પર્ધાત્મક અર્થતંત્ર :**

– તાજેતરમાં ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટના સર્વે મુજબ ભારત વિશ્વનું ૪૪ મું સ્પર્ધાત્મક અર્થતંત્ર બન્યું.
– વર્ષ ૨૦૧૭માં આ યાદીમાં ભારતનો ૪૫ મો ક્રમ હતો જેમા ૧ ક્રમનો સુધારો થયો છે.
– આ ઉપરાંત ૧૪ એશિયાઇ દેશોમાં ભારત ૧૨ માં સ્થાને છે.
– વિશ્વના ૫ સૌથી સ્પર્ધાત્મક અર્થતંત્ર

| ક્રમ | દેશ |
|---|---|
| ૧ | અમેરિકા |
| ૨ | હોંગકોંગ |
| ૩ | સિંગાપોર |
| ૪ | નેધરલેન્ડ |
| ૫ | સ્વિત્ઝરલેન્ડ |

**(૩) ડભોઇ– ચાણોદ નેરોગેજ ટ્રેનની આખરી સફર :**

– ડભોઇ–મિયાગામ કરજણ વચ્ચે દોડતી નેરોગેજ ટ્રેને ૧૩૯ વર્ષની સેવા બાદ આખરી સફર પૂર્ણ કરી.
– આ ટ્રેનની શરૂઆત ૧૫ એપ્રિલ ૧૮૭૯ના રોજ થઇ હતી.
– મુસાફરોએ યાદગીરી કાયમ રાખવા સફર કરી હતી.
– ભવિષ્યમાં આ ટ્રેનનું એન્જિન હેરિટેજ તરીકે મુકવાનું સરકારનું આયોજન છે.

**(૪) પ્રો ગ્યુસેપ કોન્ટે : ઇટાલી PM**

– ઇટાલીમાં ચૂંટણીના ૩ મહિના બાદ સરકાર રચાવા જઇ રહી છે.
– સત્તા વિરૂદ્ધ આંદોલન અને કટ્ટર દક્ષિણપંથી સંગઠનમાં ગઠબંધન થયું છે.
– આ બંને પક્ષોએ પી.એમ. પદ માટે કોઇ નેતા નહીં પરંતુ ખૂબ જ ઓછા લોકપ્રિય લૉ પ્રોફેસર ગ્યૂસેપ કોન્ટેની પસંદગી કરી છે.

**(૫) વર્લ્ડ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે :**

– દર વર્ષે ૨૫ મેના રોજ વર્લ્ડ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે ઉજવવામાં આવે છે.
– આ દિવસે સમગ્ર વિશ્વમાં લોકો તેમના ગુમ થયેલ બાળકોને યાદ કરે છે, કે જેઓ ગુનાના ભોગ બન્યા છે અને જેઓ હજી પણ ગુમ થયાં છે તેમને શોધવા માટે પ્રયત્નો ચાલુ હોય છે.
– આ દિવસની પ્રથમ ઉજવણી ૧૯૮૩માં યુએસ ખાતે કરવામાં આવી હતી.
– વર્લ્ડ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે ઉજવવાનો મુખ્ય હેતુ ગુમ થયેલ બાળકોને ફરી મળવાની આશા જીવંત રાખવાનો છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં સ્કૉર્ટા ટાપુ પર કયું વાવાઝોડું ત્રાટક્યું હતું ?
– મેકુનું
૨ વિશ્વના સ્પર્ધાત્મક અર્થતંત્રમાં ભારતને કેટલામું સ્થાન મળ્યું છે ?
– ૪૪ મું
૩ વિશ્વના સ્પર્ધાત્મક અર્થતંત્રમાં ૨૦૧૭માં ભારતનો ક્રમ કેટલામો હતો ?
– ૪૫ મો
૪ વિશ્વના સ્પર્ધાત્મક અર્થતંત્રમાં પ્રથમક્રમે કયો દેશ આવે છે ?
– અમેરિકા
૫ ડભોઇ– ચાણોદ નેરોગેજ ટ્રેનની શરૂઆત થઇ તેને કેટલા વર્ષ પુર્ણ થયા ?
– ૧૩૯ વર્ષ
૬ ડભોઇ– ચાણોદ નેરોગેજ ટ્રેનની શરૂઆત ક્યારે થઇ હતી ?
– ૧૫ એપ્રિલ ૧૮૭૯
૭ ઇટાલીના પી.એમ.નું નામ જણાવો ?
– પ્રો. ગ્યુસેપ કોન્ટે

## 26.May 2018

**(૧) ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમે તીરંદાજી વર્લ્ડ કપમાં સિલ્વર જીત્યો**

– ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમે તીરંદાજી વર્લ્ડ કપમાં સિલ્વર જીત્યો છે.
– ભારતની જ્યોતિ સુરેખા વેન્નમ, મુસ્કાન કિરાર અને દિવ્યા દયાલની ટીમ ફાઇનલમાં ૨૨૮ પોઇન્ટ મેળવી બીજા સ્થાને રહી હતી.
– તાઇવાનની ટીમે ૨૩૧ પોઇન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
– આ પહેલા જ્યોતિ અને અભિષેક વર્માની કમ્પાઉન્ડ મિક્સ ટીમે શાંઘાઇ વર્લ્ડ કપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
– દક્ષિણ કોરિયાએ યજમાન તુર્કીને ૨૨૭–૨૨૪ થી હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**(૨) કાનપુર સેન્ટ્રલ દેશનું સૌથી ગંદુ રેલવે સ્ટેશન :**

– રેલવે દ્વારા કરવામાં આવેલ સર્વે મુજબ દેશના સૌથી પ્રદુષિત શહેર બાદ કાનપુરનું રેલવે સ્ટેશન દેશનું સૌથી ગંદુ સ્ટેશન પણ બની ગયું છે.
– રેલવેએ ઇન્ટરેક્ટિવ વોઇસ રિસ્પોન્સ સિસ્ટમ (આઇવીઆરએસ) ના માધ્યમથી આ સર્વે કરાવ્યો હતો.

- દેશના સૌથી ગંદા સ્ટેશનો અંગે રેલવેએ કરાવેલા સર્વેમાં ઉત્તરપ્રદેશના ચાર અને મુંબઇના ત્રણ સ્ટેશનોનો સમાવેશ થાય છે.આ રેટિંગમાં બિહારનું પટણા બીજું, મુંબઇનું કલ્યાણ ત્રીજું સૌથી ગંદુ રેલવે સ્ટેશન છે.
- સર્વે માટે ૩૪૨ ટ્રેનોમાંથી ૩૦૦ ટ્રેનોના પ્રવાસીઓ સાથે અલગ અલગ મુદ્દા પર વાત કરાઇ. દરેક ટ્રેનના ૬૦ પ્રવાસીઓ સાથે વાત કરાઇ.
- ત્યારબાદ દેશના ટોચના ૧૦ ગંદા રેલવે સ્ટેશનોની યાદી પણ જાહેર કરી દેવાઇ છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમે તીરંદાજી વર્લ્ડકપમાં કયો મેડલ જીત્યો ?
- સિલ્વર

૨ શાંઘાઇ તીરંદાજી વર્લ્ડકપમાં કયા ભારતીય ખેલાડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો ?
- જ્યોતિ અને અભિષેક વર્મા

૩ તાજેતરના સર્વે મુજબ દેશનું ગંદુ રેલવે સ્ટેશન કયું છે ?
- કાનપુર

૪ IVRS નું પુરૂનામ જણાવો ?
- ઇન્ટરેક્ટિવ વોઇસ રિસ્પોન્સ સિસ્ટમ

૫ દેશના સૌથી ગંદા સ્ટેશનોમાં ઉત્તરપ્રદેશના કેટલા સ્ટેશનો સમાવિષ્ટ છે ?
- ચાર

## 27.May 2018

**(૧) ભારતના પ્રથમ વડાપ્રધાનનો નિર્વાણ દિન :**

- ૨૭ મી મે ૧૯૬૪ના દિવસે સ્વાતંત્ર્ય સેનાની અને ભારતના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરૂએ છેલ્લા શ્વાસ લીધા હતા.
- નહેરૂને આધુનિક ભારતના નિર્માતા માનવામાં આવે છે.
- નહેરૂના નિધનની જાણકારી કેન્દ્રીય મંત્રી સી. સુબ્રમણ્યમને જાહેર કરી હતી.
- તેઓ ભારતના સૌથી પહેલા અને અત્યાર સુધી સૌથી લાંબો શાસનકાળ ધરાવતા વડાપ્રધાન હતા, વડાપ્રધાન તરીકે તેઓએ ૧૯૪૭ થી ૧૯૬૪ સુધી સેવા આપી હતી.
- ભારત જ્યારે સ્વતંત્ર થયું ત્યારે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના નવી દિલ્હી ખાતે સ્વતંત્ર ભારતનો ધ્વજ લહેરાવવાનું સન્માન એક માત્ર નહેરૂને પ્રાપ્ત થયું હતું.
- નહેરૂનો જન્મ સ્વરૂપ રાણી અને બૅરિસ્ટર મોતીલાલ નહેરૂને ત્યાં સૌથી મોટા પુત્ર તરીકે, અત્યારે ઉત્તરપ્રદેશ રાજ્યમાં આવેલા અલ્હાબાદ શહેરમાં થયો હતો.
- ભારતના પહેલા વડાપ્રધાન અને વિદેશપ્રધાન હોવાના નાતે જવાહરલાલ નહેરૂએ મજબૂત વિદેશ નીતિ સાથે આધુનિક ભારતની સરકાર અને રાજકીય સંસ્કૃતિને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- ગ્રામ્ય ભારતના સૌથી દૂરના ખૂણાના બાળક સુધી શિક્ષણ પહોંચાડતી, પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક રીતે પુરૂં પાડવાની વ્યવસ્થા ઊભી કરવા માટે તેમની પ્રશંસા કરવામાં આવે છે.
- ધ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સિઝ, ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૅક્નોલોજી, અને ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ જેવી વિશ્વ કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે પણ નહેરૂની શિક્ષણનીતિ વખાણાય છે.
- ભારતમાં તેમનો જન્મદિવસ, ૧૪ નવેમ્બર, બાળદિન તરીકે ઉજવાય છે.
- નહેરૂની સ્મૃતિમાં ભારતભરમાં અનેક જાહેર સંસ્થાઓ/ ઇન્સ્ટિટ્યૂટો અને સ્મારકો નહેરૂના નામે કરવામાં આવ્યા છે. દિલ્હીની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી ભારતની સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંની એક છે. મુંબઇનું જવાહરલાલ નહેરૂ બંદર એક આધુનિક બંદર અને ગોદી છે.

**(૨) ઓડિશા અને મિઝોરમને મળ્યા નવા રાજ્યપાલ :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ઓડિશા ના રાજ્યપાલ તરીકે પ્રોફેસર ગણેશ લાલા અને મિઝોરમના રાજ્યપાલ તરીકે કુમ્મનમ રાજશેખરની નિમણૂક કરવામાં આવી.
- માર્ચમાં ઓરિસ્સા ગવર્નર એસસી જામીર કાર્યકાળ પૂર્ણ થયા બાદ આ પદ બિહારના ગવર્નર સત્યપાલ મલિક સંભાળ્યું હતું.
- મિઝોરમના વર્તમાન ગવર્નર નિર્ભય શર્માનો કાર્યકાળ ૨૮ મેના રોજ પૂર્ણ થશે. નિર્ભય શર્મા મિઝોરમ પહેલા અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ રહી ચુક્યા છે.
- પ્રોફેસર ગણેશ લાલા અગાઉ હરિયાણા ભાજની અનુશાસન સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ હરિયાણા સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે.
- કુમ્મનમ રાજશેખર અગાઉ કરેલ ભાજના પ્રદેશ અધ્યક્ષ રહી ચુક્યા છે.
- રાજ્યપાલની નિમણૂંક સંઘના પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપ્રમુખ કરે છે. ૩૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના ભારતના કોઇપણ નાગરિકને રાષ્ટ્રપ્રમુખ એક કે તેથી વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે નીમી શકે છે.
- રાજ્યપાલના હોદ્દાની મુદ્દત પાંચ વર્ષની છે. પરંતુ એ મુદ્દત પૂર્ણ થાય એ પહેલાં રાષ્ટ્રપ્રમુખ તેમને હોદ્દા પરથી દૂર કરી શકે છે અથવા રાજ્યપાલ સ્વેચ્છાએથી રાજીનામું આપી શકે છે. રાષ્ટ્રપ્રમુખ તેમના હોદ્દાની મુદત વધારી પણ શકે છે. તે તેમની બીજા રાજ્યના રાજ્યપાલ તરીકે બદલી કરી શકે છે.
- રાજ્યપાલ રાજ્યના એડવોકેટ જનરલ તથા રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરે છે.
- રાષ્ટ્રપ્રમુખ રાજ્યપાલની સાથે મંત્રણા કરીને રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂંક કરે છે.
- રાજ્યની બધી યુનિવર્સિટીઓના હોદ્દાની રૂએ રાજ્યપાલ કુલાધિપતિ હોય છે. તેઓ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરવાની ઔપચારિક સત્તા ધરાવે છે. રાજ્યનો વહીવટ ચલાવે છે.

પ્રશ્નો :

૧ ભારતના પ્રથમ વડાપ્રધાનનું નામ જણાવો ?
- જવાહરલાલ નહેરૂ

૨ જવાહરલાલ નહેરૂનું અવસાન ક્યારે થયું હતું ?
- ૨૭ મે ૧૯૬૪

૩ જવાહરલાલ નહેરૂએ વડાપ્રધાન તરીકે કેટલો સમયગાળો સેવા આપી હતી ?

– ૧૯૪૭ થી ૧૯૬૪

૪ ઓડિશાના રાજ્યપાલનું નામ જણાવો ?

– પ્રોફેસર ગણેશ લાલા

૫ મિઝોરમનાં રાજ્યપાલનું નામ જણાવો ?

– કુમ્મનમ રાજશેખર

૬ રાજ્યપાલના હોદ્દાની મુદ્દત કેટલા વર્ષની હોય છે ?

– ૫ વર્ષ

૭ રાજ્યના એડવોકેટ જનરલની નિમણૂંક કોણ કરે છે?

– રાજ્યપાલ

૮ રાજ્યની બધી યુનિવર્સિટીઓના હોદ્દાની રૂએ કુલાધિપતિ કોણ હોય છે ?

– રાજ્યપાલ

## 28.May 2018

### (૧) ઇન્ડિયન પ્રીમીયર લીગ – ૨૦૧૮

– ઇન્ડિયન પ્રીમીયર લીગનું આયોજન વર્ષ ૨૦૦૮ થી દર વર્ષે એપ્રિલ અને મે દરમિયાન કરવામાં આવે છે.

– આઇપીએલ ભારતની ટ્વેન્ટી ૨૦ ક્રિકેટ લીગ છે ભારતીય શહેરો અને કેટલાક રાજ્યોની પ્રતિનિધિત્વ કરતા ટીમો દ્વારા આ ટુર્નામેન્ટમાં ભાગ લેવામાં આવે છે.

– આઇપીએલની શરૂઆત બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા ૨૦૦૮માં કરવામાં આવી હતી.

– આઇપીએલની પ્રથમ સીરીઝ રાજસ્થાન રોયલ્સએ જીતી હતી જેની ફાઇનલ મેચ મુંબઇ ખાતે યોજાઇ હતી.

– વર્ષ ૨૦૧૮માં આઇપીએલ ની આ ૧૧ મી સીરીઝ હતી. જેની ફાઇનલ મેચ નું આયોજન મુંબઇમાં થયું હતું.

– આઇપીએલ–૨૦૧૮ માં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો

– આઇપીએલની આ પહેલી સીઝન છે જેમા ડીઆરએસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો (ડીસીઝ્ન રિવ્યુ સિસ્ટમ)

– આઇપીએલનામ મીડિયા રાઇટ્સ સ્ટાર ઇન્ડિયા પાસે હતા.

– પ્રથમ વખત આઇપીએલની આ સીરિઝનું બ્રોડકાસ્ટિંગ દૂરદર્શન પર પણ કરવામાં આવ્યું હતું.

– આ સિઝનમાં એક ઓપનિંગ સમારોહ હતો, જે ૭ મી એપ્રિલે યોજાયો હતો. સમારોહમાં વરૂણ ધવન, પ્રભુ દેવા, મિકા સિંહ, તમન્ના ભાટિયા, જેક્લિન ફર્નાન્ડીઝ અને હ્રતિક રોશન દ્વારા કરવામાં આવ્યો હતો.

– આ સીરિઝમાં સનરાઇઝર્સ હૈદરાબાદને ૮ વિકેટથી હરાવી ચેન્નઇ સુપરકિંગ્સ ચેમ્પિયન બન્યું. ચેન્નઇ સુપર કિંગ્સ પહેલાની બે સીરિઝ દરમિયાન આઇપીએલથી બહાર હતું.

– ચેન્નઇ સુપર કિંગ્સે હૈદરાબાદને હરાવીને મુંબઇની સરખામણી કરી. એટલે કે ત્રીજી વખત આઇપીએલ ચેમ્પિયન બન્યું. આ પહેલા ચેન્નાઇ ૨૦૧૦ અને ૨૦૧૧ માં જીતી હતી. આ વિજય ૭ વર્ષ બાદ મળ્યો છે.

– આઇપીએલની આ એવી પ્રથમ સીરિઝ હતી જેમા પ્રથમ વખત ફાઇનલ બે બોલરોએ મેઇડન ઓવર નાંખી

– એક સિઝનમાં સૌથી વધુ રન આપવાનો રેકોર્ડ બ્રાવોના નામે જેમાં ૫૦૯ રન છે. જે આ સિઝનમાં જ બન્યો છે. એક સિઝનમાં સૌથી વધુ વિકેટનો રેકોર્ડ પણ બ્રાવોના નામે છે (૩૨ વિકેટ)

– એક સિઝન્માં સૌથી વધુ રન વિરાટ કોહલીના નામે છે જેમાં ૯૭૩ રન છે.

– મહેન્દ્રસિંહ ધોનીએ ૩૩ સ્ટમ્પિંગ કર્યા છે. આ સાથે જ તે આઇપીએલમાં સૌથી વધુ સ્ટમ્પિંગ કરનારો વિકેટકીપર બની ગયો છે.

– આ સીઝનમાં સૌથી ફાસ્ટબોલનો રેકોર્ડ ઝોફ્રાં આર્ચરના નામે છે (152.39-km/h)

– આ સિઝનમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ રિષભ પંતના નામે છે (૩૭ સિક્સ)

– આ સિઝનમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર બોલ એન્ડ્રુ ટાય છે જેમાં ૨૪ વિકેટ છે.

– આ સિઝનમાં સૌથી વધુ રન વિલિયમ્સનના નામે જેમાં ૭૩૫ રન છે. સાથે જ આ સિઝનમાં સૌથી વધુ ૮ ફિફ્ટી બનાવવાનો રેકોર્ડ પણ તેના નામે છે.

– આ સિઝનમાં સૌથી લાબી સિક્સનો રેકોર્ડ એબીડીના નામે છે. (૧૧૧ મીટર)

– એવોર્ડ્સ ઓફ ધ સિઝન

| એવોર્ડ્સ | વિજેતા પ્લેયર | ઇનામી રકમ |
|---|---|---|
| મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | સુનિલ નરેન | રૂા. ૧૦ લાખ |
| ઇમર્જિંગ પ્લેયર એવોર્ડ | રિષભ પંત | રૂા. ૧૦ લાખ |
| સ્ટાઇલિશ પ્લેયર ઓફ ધ સિઝન | રિષભ પંત | રૂા. ૧૦ લાખ |
| કેચ ઓફ ધ સિઝન | ટ્રેન્ટ બોલ્ટ | રૂા. ૧૦ લાખ |
| સુપર સ્ટ્રાઇકર ઓફ ધ સિઝન | સુનીલ નરેન | કાર |
| ફેરપ્લે એવોર્ડ | મુંબઇ ઇન્ડિયન્સ | ટ્રોફી |

### (૨) મોદીની મન કી બાત

– ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૪ મી મન કી બાત સંબોધી.

– દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.

– વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.

– આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરાવમાં આવે છે.

– મન કી બાતના મહત્વના અંશો :

– લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અપીલ કરી અને લોકોને વૃક્ષારોપણ કરવા અને તેના વૃક્ષ બનવા સુધી તેની દેખરેખ કરવાનો લક્ષ્ય કરવા કહ્યું.

– ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવાની તૈયારીઓ ચાલુ છે. યોગ થી સ્વસ્થ, ખુશહાલ અને સદ્ભાવપૂર્ણ રાષ્ટ્રનું નિર્માણ કરી શકાય છે. ફિટ ઇન્ડિયા અભિયાનનો ઉલ્લેખ કરતાં રહ્યું કે તેની ઘણી સારી પ્રતિક્રિયા મળી છે.

– ચાલુ વર્ષે ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસની મેજબાની ભારત કરશે. વિશ્વ પર્યાવરણ દિવસે આ વખતની થીમ 'પ્લાસ્ટિક પ્રદુષણ હટાવો' છે.

Vivekanand Academy Gandhinagar

- તેમણે ઓડિશાના કટકના એક ચા વિક્રેતા ડી પ્રકાશ રાવની પ્રશંસા કરી, તેઓ ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો માટે એક શાળા ચલાવી અને શાળા પર પોતાની અડધી આવકનો ખર્ચ કરે છે.
- મોદીએ કહ્યું કે બાળકોના વિકાસ માટે રમતગમત જરૂરી છે, જોકે આજકાલ બાળકોમાં રતનનું પ્રમાણ અને મહત્વ ઓછું થઈ રહ્યું છે. દેશમાં વિવીધતામાં એકતાનો ખ્યાલ જુદી જુદી રમતો પરથી આવે છે.
- મોદીએ જવાહરલાલ નહેરૂની પુણ્યતિથિએ તેમને નમન નહેરૂ પછી વીર સાવરકરને યાદ કર્યા હતા. અને વીર સાવરકરની જન્મજયંતિએ તેમનાં વખાણ કર્યા હતાં. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સાવરકરની ભૂમિકાને તેમણે યાદ કરી હતી અને તેઓ શસ્ત્ર અને શાસ્ત્ર બનેના ઉપાસક હતા તેમ કહ્યું હતું.

**(3) તળાવો – જળાશયોમાં નર્મદાના પાણીનો અભિષેક કરી જળ સંચય અભિયાનનું સમાપન કરાશે :**

- ગુજરાત સ્થાપના દિનથી એક મહિના સુધી રાજ્યવ્યાપી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.
- આગામી ૩૧ મે ના રોજ ધંધૂકા ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનું જળઅભિયાન સમાપન સમારોહ યોજવાનું સરકાર દ્વારા નક્કી કરાયું છે.
- આ કાર્યક્રમમાં નમર્દાના પાણીથી ભરેલા ૧૧ કળશનું પૂજન કરી તળાવો જળાશયોમાં અભિષેક કરવામાં આવશે. ત્યાર પછી મુખ્યમંત્રી ધંધૂકામાં સભા સંબોધશે.
- જળ અભિયાન થકી ૧૩ હજારથી વધુ તળાવોને ઉંડા કરવાની કામગીરી જોશફેર ચાલી રહી છે તેનાથી માત્ર ખેડૂતો જ નહીં સમાજના તમામ વર્ગોને ઉપયોગી બની રહેશે.

**(૪) વિશ્વ પર્યાવરણ દિવસ–૨૦૧૮**

- વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ જૂનના રોજ ઉજવવામાં આવે છે.
- યુનાઇટેડ નેશન્સે વિશ્વ પર્યાવરણ દિવસને ભારતમાં યજમાની કરવાની જવાબદારી સોંપી છે. પ્રદૂષણ સામેના લડતમાં ભારતે કરેલા યોગદાનની કદર યુનાઇટેડ નેશન્સ જવાબદારી આ વર્ષે ભારત પર આપી.
- નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે વર્લ્ડ પર્યાવરણ દિન– ૫ જૂનના રોજ મુખ્ય કાર્યક્રમો યોજાશે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશે.
- વિશ્વ પર્યાવરણ દિવસે આ વખતની થીમ 'પ્લાસ્ટિક પ્રદૂષણ હટાવો'
- સમગ્ર દેશમાં પર્યાવરણ દિવસનું આયોજન કરવા માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. ૧૯ રાજ્યોના ૨૪ દરિયાઇ અને ૧૯ નદીના કાંઠાઓની સફાઇ થઇ રહી છે.
- યુએનનું મુખ્યમથક ન્યૂયોર્ક, યુએસએમાં છે.
- તેની સ્થાપના ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫ના રોજ કરવામાં આવી હતી.
- તેના કુલ સભ્યો ૧૯૩ દેશો છે.

પ્રશ્નો :

૧ આઇપીએલની શરૂઆત ક્યારથી કરવામાં આવી ?
- ૨૦૦૮

૨ આઇપીએલના મીડિયા રાઇટ્સ કોણે ખરીદ્યા હતા ?
- સ્ટાર ઇન્ડિયા

૩ આઇપીએલ–૧૧ ની વિજેતા ટીમ જણાવો ?
- ચેન્નાઇ સુપર કિંગ્સ

૪ આઇપીએલ–૧૧ સિઝનમાં સૌથી વધુ રન કોના નામે છે ?
- વિલિયમ્સન

૫ વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત મન કી બાત ક્યારે સંબોધી હતી ?
- ૩ ઓક્ટોબર ૨૦૧૪

૬ નરેન્દ્ર મોદીએ મે મહિનામાં કેટલામી મન કી બાત સંબોધી ?
- ૪૪ મી

૭ વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૫ જુન

૮ વિશ્વ પર્યાવરણ દિવસની આ વખતની થીમ જણાવો ?
- પ્લાસ્ટિક પ્રદુષણ હટાવો.

## 29.May 2018

**(૧) એવરેસ્ટ ડે :**

- એડમન્ડ હિલેરી અને તેનસિંગ નોંગેએ પ્રથમવાર એવરેસ્ટ સર કરવાની સિદ્ધિ વર્ષ ૧૯૫૩માં ૨૯ મે ના દિવસે મેળવી હતી તેથી પર્વતારોહણના ઇતિહાસમાં આ દિવસને એવરેસ્ટ ડે તરીકે મનાવાય છે.
- પ્રથમ વખત એવરેસ્ટ સર કરવાનું બહુમાન મેળવનાર ન્યુઝિલેન્ડના હિલેરી એડમન્ડ ભારતમાં ન્યુઝીલેન્ડના હાઇ–કમિશનર પણ બન્યા હતા.
- એવરેસ્ટથી ૩૦ ફીટ દુર વિશાળ શીલાને હિલેરી એડમન્ડ નામ આપવામાં આવ્યું છે.
- તેનસિંહ ભારતની પર્વતારોહી સંસ્થા 'હિમાલયન' માઉન્ટેનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ' ના ૨૨ વર્ષ સુધી ડીરેક્ટર રહ્યા.
- એવરેસ્ટ આરોહણ મોટાભાગે ટુકડીમાં થતું હોય છે. ચીને ૧૯૭૫માં ૪૧૦ સભ્યોની ટુકડી મોકલી હતી જે અત્યાર સુધીની સૌથી મોટી ટીમ નોંધાઇ છે.
- ફશંગ શેરપા નામના પર્વતારોહકના નામે ચારેય દિશાએથી એવરેસ્ટ આરોહણ કરવાનો વિક્રમ છે.
- બાબુ શિરી શેરપાના નામે સૌથી વધુ ૨૧ કલાક ૩૦ મિનિટ એવરેસ્ટ પર ઓક્સિજન વગર રહેવાનો વિક્રમ છે. અમેરિકાના જોર્ડન રોમેરોએ ૨૦૧૦માં માત્ર ૧૩ વર્ષ અને ૧૦ મહિનાની ઉંમરે એવરેસ્ટ સર કરી સૌથી નાની વયે એવરેસ્ટ સર કરવાનું બહુમાન મેળવ્યું હતું.
- એવરેસ્ટ દુનિયાનું સૌથી ઉચું શિખર છે. એવરેસ્ટની ઉંચાઇ ૨૯૦૨૯ ફીટ (૮૮૪૮ મીટર)
- એવરેસ્ટના અન્ય બે નામ છે.

  સાગરમથા (નેપાળી નામ)

  ચોમોલુંગ્મા (ચીની નામ)
- ૧૯૮૪માં બચેન્દ્રી પાલ એવરેસ્ટ સર કરનારા પહેલા ભારતીય હતા. તેઓ ઉત્તરાખંડના નકુરી ગામના વતની હતાં ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા છે.

- ૨૦૧૪માં તેલંગણાની પૂર્ણા માલાવથ માત્ર ૧૩ વર્ષ અને ૧૧ મહિનાની ઉંમરે એવરેસ્ટ સર કરનારી સૌથી નાની વયની ભારતીય છે.
- ડિરેક્ટર રાહુલ બોઝે પૂર્ણાના જીવન પર ફીલ્મ બનાવી હતી. 'પૂર્ણા કરેજ હેઝનો લિમિટ'

**(૨) સ્વદેશી સમૃદ્ધિ સીમકાર્ડ :**

- પતંજલી અને ભારત સંચાર નિગમ લિમિટેડ સાથે મળીને સ્વદેશી સમૃદ્ધિ સીમકાર્ડ લોન્ચ કર્યું.
- આ સમીકાર્ડ હાલમાં પતંજલીના કર્મચારીઓને જ ઉપલબ્ધ રહેશે.
- રૂ. ૧૪૪ના રિચાર્જ પર ૨ જીબી ડેટા અને અનલિમિટેડ સુવિધા મળશે.
- આ સિમની પતંજલી પ્રોડક્ટ પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે.
- આગામી સમયમાં સમગ્ર દેશમાં આ સીમ લોન્ચ કરવામાં આવશે.
- આ સીમનો ઉપયોગ કરનાર યુઝરને ૨.૫ લાખ સુધીનો મેડીકલ વિમો અને પાંચ લાખ સુધીનો જીવન વિમો પણ ઉપલબ્ધ કરાશે.

પ્રશ્નો :

૧ ૨૯ મેના રોજ કયો દિવસ મનાવાય છે ?
- એવરેસ્ટ ડે

૨ સૌપ્રથમ એવરેસ્ટ સર કરવાની સિદ્ધિ કોણે મેળવી હતી ?
- એડમન્ડ હિલેરી અને તેનસિંગ નોંગે

૩ એવરેસ્ટની ઉંચાઇ કેટલા મીટર છે ?
- ૮૮૪૮ મીટર

૪ એવરેસ્ટનું નેપાળી નામ જણાવો ?
- સાગરમથા

૫ તાજેતરમાં સ્વદેશ સમૃદ્ધિ સીમકાર્ડ કોણે લોન્ચ કર્યું ?
- પતંજલી અને બીએસએનએલ સાથે મળીને

૬ બીએસએનએલનું પુરૂનામ જણાવો ?
- ભારત સંચાર નિગમ લિમિટેડ

## 30.May 2018

**(૧) હિન્દી પત્રકારિતા દિવસ :**

- ૩૦ મે ના દિવસે હિન્દી પત્રકારિતા દિવસ મનાવાય છે.
- ૩૦ મે ૧૮૨૬ના રોજ યુગલકિશોર શુક્લે પ્રથમ હિન્દી સમાચારપત્ર ઉદન્ત માર્તંડનાં પ્રકાશનનો પ્રારંભ કર્યો હતો.
- ભારતમાં પત્રકારિતાની શરૂઆત યુગલકિશોર શુક્લ દ્વારા બંગાળથી થઇ હતી.

**(૨) રાષ્ટ્રપતિનો ગુજરાત પ્રવાસ :**

- ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૪૯માં પદવીદાન સમારોહમાં હાજરી આપી.
- સમારોહમાં રાષ્ટ્રપતિએ ગુજરાતના મહાપુરૂષોને યાદ કરતાં જણાવ્યું કે હું એવી ગુજરાતની ધરતી પર આવ્યો છું કે જેણે દેશને મહર્ષી દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવી મહાન વિભૂતી આપી છે.
- આ રાજ્યએ દેશને મોરારજી દેસાઇ અને નરેન્દ્ર મોદી જેવા પ્રધાનમંત્રી આપ્યા છે જે તમામે કપરા સમયમાં દેશનું માર્ગદર્શન કર્યું છે અને કરશે. સાચી રીતે જોઇએ તો, ગુજરાત વિના ભારતની વિકાસ ગાથા અધૂરી છે.

પ્રશ્નો :

૧ ૩૦ મેના રોજ કયો દિવસ ઉજવાય છે ?
- હિન્દી પત્રકારિતા દિવસ

૨ પ્રથમ હિન્દી સમાચારપત્રનો સૌપ્રથમ પ્રારંભ કોણે કર્યો હતો ?
- યુગલકિશોર શુક્લે

૩ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્યાં આવેલી છે ?
- સુરત

૪ તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ગુજરાતની કઇ યુનિવર્સિટીમાં હાજરી આપી હતી ?
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## 31.May 2018

**(૧) વર્લ્ડ નો ટોબેકો ડે :**

- દર વર્ષે ૩૧ મી મેના રોજ વિશ્વભરમાં વર્લ્ડનો ટોબેકો ડે ની ઉજવણી કરવામાં આવે છે.
- તમ્બાકુ દર વર્ષે ૭ મિલિયનથી વધુ લોકોને મારે છે. જેમાંથી ૯૦૦૦૦૦ ધ્રુમપાન ન કરનારા લોકો બીજા ધુમ્રપાનના શ્વાસ લેવાથી મૃત્યુ પામે છે.
- વર્લ્ડ નો ટોબેકો ડે – ૨૦૧૮ ની થીમ : "Tobacco and heart disease"

**(૨) ગુજરાતમાં ૯ મી થી કુદરતનાં સફાઇ કામદાર ગણાતા 'ગીધ' ની ગણતરી**

- ગીધની વસ્તીમાં સતત થઇ રહેલા ઘટાડાનાં કારણે માત્ર બે જ વર્ષમાં ફરીવાર ગણતરી થનાર છે. કુદરતનાં સફાઇ કામદાર તરીકે ઓળખાતા ગીધની ગુજરાત ભરમાં વસ્તી ગણતરી તા. ૯ અને ૧૦ જૂન એમ બે દિવસ હાથ ધરવામાં આવશે.
- જેમાં પક્ષીવિદો, વનવિભાગ અને સ્વયંસેવકોની મદદ વડે આ ગણતરી ગુજરાતાન તમામ વિસ્તારોમાં થવાની છે.
- ગીધની વિવિધ ૫૩ જાતિઓની રાજ્યવ્યાપી વસ્તીનાં અંદાજેની કામગીરી ગુજરાત વન વિભાગ અને ગીર ફાઉન્ડેશન તથા રાજ્યનાં પ્રકૃતિપ્રેમીઓ, પક્ષી નીરિક્ષકોના સહયોગથી હાથ ધરવામાં આવશે.
- રાજ્યનાં ૩૩ જિલ્લાઓમાં તા. ૯ અને ૧૦ જૂનનાં રોજ પી.જી.એસ.ની મદદ વડે ગીધની વસ્તી અંદાજ હાથ ધરવામાં આવશે.
- ગીધની કુલ ૯ પ્રજાતિમાંથી ગુજરાતમાં માત્ર ચાર પ્રકારનાં જ ગીધ છે. જેમાં સફેદ પીઠ ગીધ, ગીરનારી ચુકી છે., ખેરોજીપ્સીચન વલ્ચર, રાજગીધનો સમાવેશ થાય છે.
- વર્ષ ૨૦૧૬માં થયેલ ગણતરી મુજબ કચ્છમાં ૭૨, નોર્થ ગુજરાતમાં ૨૦૩, સેન્ટર ગુજરાતમાં ૧૫૭, સાઉથ ગુજરાતમાં ૧૦૯, અને સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૪૫૮ ગીધ જોવા મળ્યા હતાં.

**(૩) વિકાસ ગૌડા : ડિસ્કસ થ્રો :**

- ભારતના દિગ્ગજ ડિસ્કસ થ્રોઅર વિકાસ ગૌડાએ આંતરરાષ્ટ્રીય એથ્લીટ તરીકેની કારકીર્દિ પર નિવૃત્તિ જાહેર કરી
- તે કોમનવેલ્થ ગેમ્સમાં ડિસ્ક થ્રો માં ગોલ્ડ મેડલ જીતનારો સૌપ્રથમ અને એકમાત્ર ભારતીય પુરૂષ ખેલાડી છે.
- ભારતનો મેન્સ ડિસ્કસ થ્રોનો નેશનલ રેકોર્ડ પણ તેના નામે છે.
- ભારત તરફથી ૨૦૦૪–એથેન્સ, ૨૦૦૮ બેઇજીંગ, ૨૦૧૨ – લંડન અને ૨૦૧૬ – રિયો ઓલિમ્પિકમાં ભાગ લીધો જેમાં ૨૦૧૨માં ઓલિમ્પિકની ફાઇનલમાં પ્રવેશ્યો હતો.

પ્રશ્નો :

૧ ૩૧ મે ના રોજ કયો દિવસ મનાવાય છે ?
– વર્લ્ડ નો ટોબેકો ડે
૨ વર્લ્ડ નો ટોબેકો ડે–૨૦૧૮ ની થીમ જણાવો ?
– ટોબેકો એન્ડ હર્ટ ડિસિઝ
૩ કુદરતના સફાઇ કામદાર તરીકે કોને ગણવામાં આવે છે ?
– ગીધ
૪ ગીધની વિશ્વમાં કુલ કેટલી પ્રજાતી છે ?
– ૯ પ્રજાતિ
૫ ગુજરાતમાં કેટલી પ્રજાતિના ગીધ જોવા મળે છે ?
– ૪ (ચાર)
૬ વર્ષ ૨૦૧૬માં ગણતરી મુજબ સૌરાષ્ટ્રમાં કુલ કેટલા ગીધ જોવા મળ્યા હતા. ?
– ૪૫૮

**મે મહિનામાં આવતા અગત્યના દિવસોની રૂપરેખા :**

૧ મે : ગુજરાત ગૌરવ દિવસ
૧ મે : આંતરરાષ્ટ્રીય શ્રમયોગી દિવસ
૧ મે : પ્રબોધચંદ્ર ડે : જન્મજયંતિ
૩ મે : વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ :
૪ મે : કોલસા – ખાણ કામદાર દિન.
૧૦ મે : જળ સંપતિ દિન
૧૨ મે : આંતરરાષ્ટ્રીય નર્સીંગ ડે
૧૩ મે : મધર્સ ડે : (મે મહીનાના બીજા રવિવારે)
૧૫ મે : આંતરરાષ્ટ્રીય પરિવાર દિન :
૧૭ મે : વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન ડે :
૧૮ મે : વિશ્વ સંગ્રહાલય દિવસ :
૨૦ મે : વિશ્વ મધમાખી દિવસ
૨૫ મે : વર્લ્ડ મિસિંગ ચિલ્ડ્રન્સ ડે :
૨૯ મે : એવરેસ્ટ ડે :
૩૦ મે : હિન્દી પત્રકારિતા દિવસ :
૩૧ મે : વર્લ્ડ નો ટોબેકો ડે :

Vivekanand Academy Gandhinagar